Permitted to post at Ahd. P.S.O. on Tuesday everyweek Under. Regd.No. : AHD-C/24/2018-2020 issued by SSP Ahd. Valid. up to dated 31-12-2020

વાદવિવાદ માટે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

ISSN-2454-9622

# અરવલ્લી જનજીવન

અરવલ્લી જનજીવન

સૂર્ય અને કણી વગર જીવન નહીં

સાપ્તાહિક

To,

ARAVALLI JANJIVAN (Weekly)

અમદાવાદથી દર મંગળવારે પ્રસિદ્ધ થતું અંબાજી વાયા માનગઢથી ઉમરગામ સુધીની વિશ્લેષણાત્મક માહિતીસભર ગુજરાતી સાપ્તાહિક

● Year-7 ● Issue No. 34 ● Dt. 04-08-2020, Tuesday ● Page : 4 ● Price : Rs.5/- ● ANNUAL SUBCRIPTION. Rs. 200/- ● R.N.I. Reg. No. : GUJGUJ/2013/54129 ● E-mail : pandav.vijay4u@gmail.com

● Printed / Publisher / Editor : Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI. M. 98255 86207 ❑ Office : F/51/694, Prakashdeep Appartment, Opp. Bhavsar Hostel, Nava Wadaj, Ahmedabad- 380013.

## તંત્રીલેખ......

### વિશ્વ આદિવાસી ગૌરવ દિન નિમિત્તે

પ્રકૃતિ પૂજક આદિવાસીઓ પોતાનો કુદરતી વ્યવહાર (ધર્મ) છોડો હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી બનતા કાયદાની ચુંગાલમાં ફસાઈ રહ્યા છે. જ્યુડીશરી કેન્દ્ર અનેરાજ્ય સરકાર વિકાસના નામે આદિવાસીઓનો વિનાશ કરી રહી છે. આદિવાસી સંસ્કૃતિ સમૃધ્ધ અને પ્રેરણાદાયી છે. ઈતિહાસ પણ ગૌરવપૂર્ણ છે ધર્મ અને પાર્ટીના નામે આર્યો આદિવાસીઓને વિભાજિત કરવાનું કામ કરી રહ્યા છે. તેને શિક્ષિત પરંતુ અભણ આદિવાસીઓ સમજે તેવી આશાછે. આદિવાસી શિક્ષિતો ખરી રીતે તો અભણ છે તેથી તેમણે આદિવાસીઓ અંગેની જાણકારી મેળવી લેવી જોઈએ. આદિવાસીઓને શિક્ષણથી વંચિત રાખવાનું આર્યોનું ષડયંત્ર છે. આદિવાસી સમાજના કેટલાક લોકો સરકારી અધિકારી અને કર્મચારીમાંથી નિવૃત્ત થયા છે. તેઓ આદિવાસી સંસ્કૃતિ જાણતા નથી તેથી તેઓ આર્યો (હિન્દુ)ની સંસ્કતિનો ફેલાવો કરવાનો પ્રયત્ન કરે છે તે આદિવાસી સમાજના લોકોએ સમજવાની જરૂર છે. આદિવાસીઓએ તેમની પાસેથી શીખવાની જરૂર લાગતી નથી પરંતુ તેમને આદિવાસીઓ પાસેથી આદિવાસી સંસ્કૃતિની ઓળખ, ઈતિહાસ અને પંચ પ્રથા જાણવા કે શીખવાની જરૂરિયાત છે. કહેવાતા ઈતિહાસકારો અને સાહિત્યકારોએ આદિવાસીઓની પૂર્વગ્રહથી ચિતરામણ કરી છે. જે આર્યોની સંકુચિત માનસિકતાને ઓળખે અને સમજવાનો પ્રયત્ન કરે આદિવાસી શબ્દથી મૂળનિવાસી શબ્દ તરીકેની ઓળખ થથી હોવાથી આર્યો વનવાસી પ્રનોપ્રચાર કરે છે. આદિવાસી સંશોધન કેન્દ્ર અને સોશીયલ એન્થ્રોપોલોજી વિભાગના અભ્યાસો આર્યોની સંકુચિત માનસિકતાથી થયા છે. વર્તમાનમાં પણ ચાલુ જ છે. તેમાં કામ કરતા આદિવાસીઓ પણ આર્યોની સંકુચિત માનસિકતા થઈ થયા છે. વર્તમાનમાં પણ ચાલુ જ છે. તેમાં કામ કરતા આદિવાસીઓ પણ આર્યોની સંકુચિત માનસિકતાથી સંશોધન અભ્યાસો કરી રહ્યા છે અને કરાવી રહ્યા છે. તેને આદિવાસીઓ સમજે, પરંતુ કેટલાક મુઠ્ઠીભર લેખકો આદિવાસીઓની વાસ્તવિકતા કે હકીકત આધારિત સંશોધન અભ્યાસો કરી રહ્યા છે. તેમાં આદિલોક, અરવલ્લી જનજીવન, આદિવાસી અવાજનો સમાવેશ થાય છે ઉપરાંત પ્રો.કનુભાઈ રાઠવા, શ્રી કાન્તિ પેન્ટર, શ્રી ગેમજી વસાવા, ડૉ. જયંતિ બામણિયા અને ડૉ. સુભાષ પાંડર વગેરે અભિનંદનને પાત્ર છે. કારણ કે આદિવાસી સાહિત્ય સર્જનમાં તેમનો સિંહફાળો છે.

**અરવલ્લી જનજીવનમાં છપાતા લેખો, આર્ટીકલો તેમજ ધર્મ અંગે છપાતી માહિતી માટે જે તે લેખકો જવાબદાર રહેશે. પ્રકાશક આ લેખો માટે જવાબદાર ગણાશે નહીં તેની નોંધ સર્વ વાચકોએ લેવી.**

**તંત્રી : અરવલ્લી જનજીવન**

## લવાજમ તથા છૂટક નકલ મેળવવા માટે સંપર્ક કરો

**બ્યુરોચીફ : અશોકભાઈ પાંડર મો. ૯૪૨૮૪ ૧૦૪૩૦**

★ "અરવલ્લી જનજીવન" સાપ્તાહિકનું વાર્ષિક લવાજમ ફક્ત રૂા. ૨૦૦/- અને આજીવન સભ્ય ફી રૂ. ૨૦૦૦/- ભરી આપ ઘરે બેઠા સાપ્તાહિકની નકલ મંગાવી શકો છો.

★ જે વાચક મિત્રોએ વાર્ષિક લવાજમ ભરેલ હોય અને જેનું એક વર્ષ પૂર્ણ થતું હોય તેઓએ તાત્કાલિક વાર્ષિક લવાજમ ભરી દેવું. જે વાચકમિત્રોને લવાજમ ભરવું હોય તેઓએ "અરવલ્લી જનજીવન"ના નામનો ચેક અથવા ડ્રાફ્ટ કાર્યાલયના સરનામે મોકલાવી આપવાનો રહેશે.

| | | |
|---|---|---|
| (૧) લાલાભાઈ | પોશીના | ૮૧૨૮૧ ૬૪૦૯૭ |
| (૨) રાજેશભાઈ | દાંતા | ૯૯૯૮૧ ૦૪૧૯૦ |
| (૩) દિપક ડાભી | ઈકબાલગઢ | ૯૮૯૮૯ ૬૭૬૮૦ |
| (૪) રામજીભાઈ | ખેડબ્રહ્મા | ૯૭૨૫૧ ૭૫૮૬૩ |
| (૫) ચામુંડા ઝેરોક્ષ | વિજયનગર | ૯૪૨૯૪ ૬૨૨૫૪ |
| (૬) નાગજીભાઈ ભીલ | પાટણ | ૯૭૨૬૭ ૧૮૬૨૧ |
| (૭) બાબુભાઈ | પાલનપુર | ૯૪૨૬૫ ૧૪૩૩૬ |
| (૮) રમેશભાઈ | ખેરગામ | ૯૪૨૬૮ ૪૬૪૪૦ |
| (૯) વસંતભાઈ રાઠવા | વડોદરા | ૯૭૧૪૨ ૬૪૦૮૧ |
| (૧૦) પ્રવિણભાઈ | મહિસાગર | ૯૫૧૨૮ ૭૨૩૯૨ |
| (૧૧) A/c કાલુભાઈ | કતવારા (દાહોદ) | ૯૫૮૬૬ ૦૦૩૧૦ |
| (૧૨) ગામીત રાજેશ | વ્યારા | ૯૯૨૫૩ ૬૧૯૭૫ |
| (૧૩) ધનંજય | મોડાસા | ૮૪૯૦૯ ૯૯૩૦૭ |
| (૧૪) A/c હરસિંગભાઈ | જાલત (દાહોદ) | ૭૮૭૪૪ ૭૭૯૪૧ |
| (૧૫) A/c ભાવસિંગભાઈ | જેસાવાડા(દાહોદ) | ૯૭૨૬૪ ૬૬૯૬૩ |
| (૧૬) A/c અંબાલાલ | મહારાષ્ટ્ર | ૯૮૨૨૨ ૭૪૯૮૮ |
| (૧૭) ડો. એલ.જી.કટારા | ભિલોડા | ૯૪૨૭૬ ૯૪૫૫૦ |
| (૧૮) A/c સતીષભાઈ | વડોદરા | ૮૧૬૦૫ ૦૬૭૫૭ |
| (૧૯) ચુનિલાલ પાંડવ | વિજયનગર | ૯૯૧૩૮ ૪૭૯૦૯ |
| (૨૦) જગદીશભાઈ | ખેડબ્રહ્મા | ૯૪૨૭૦ ૩૮૮૭૪ |
| (૨૧) A/c ઠાકોરભાઈ | ભરૂચ જિલ્લો | ૯૪૨૯૩ ૩૮૪૭૨ |
| (૨૨) વિજય મછાર | દાહોદ જિલ્લો | ૭૮૭૪૨ ૬૧૩૦૮ |
| (૨૩) સવજીભાઈ | મહેસાણા જિ. | ૯૭૨૬૬ ૦૯૮૬૮ |
| (૨૪) A/c સબુરભાઈ | માતવા (દાહોદ) | ૯૫૮૬૫ ૪૦૫૨૯ |
| (૨૫) A/c દશરથભાઈ | ઉદેપુર(રાજ.) | ૯૫૪૯૪ ૯૪૬૪૮ |
| (૨૬) મુકેશ પટેલ | વાપી | ૮૫૩૦૫ ૫૮૮૭૭ |
| (૨૭) A/c શંકરભાઈ | ઉદેપુર(રાજ.) | ૯૯૫૦૮ ૭૬૭૩૪ |
| (૨૮) કલ્પેશ પટેલ | વલસાડ | ૯૯૨૫૫ ૧૮૨૫૪ |
| (૨૯) ઓમપ્રકાશભાઈ | ભૂજ | ૯૮૨૫૦ ૭૦૫૧૭ |
| (૩૦) દિલીપ જે. ડગલા | ઝાલાવાડ | ૯૩૭૫૨ ૬૯૯૫૦ |
| (૩૧) શંકરભાઈ | ગાંધીનગર | ૯૯૭૮૫ ૮૭૧૨૭ |
| (૩૨) હિતેશભાઈ | ચિઠોડા | ૭૫૭૪૦ ૭૬૫૧૧ |
| (૩૩) A/c જમસુભાઈ | કપરાડા | ૯૭૧૪૭ ૨૨૧૫૯ |
| (૩૪) A/c સુરેશ ડામોર | વિરપુર | ૯૭૨૬૫ ૧૨૯૩૭ |
| (૩૫) રવજીભાઈ પાંડોર | ધોલવાણી-વિજયનગર | ૯૪૨૭૦ ૫૮૦૪૨ |
| (૩૬) પ્રો. નટુભાઈ ગામિત | નવસારી | ૭૮૭૮૩ ૩૦૨૦૦ |
| (૩૭) સમીરભાઈ ડામોર | ઓઠ-ભિલોડા | ૯૦૯૯૫ ૯૫૧૪૩ |
| (૩૮) પ્રકાશ માજીરાણા | કપડવંજ | ૮૭૩૪૮ ૭૨૬૮૧ |
| (૩૯) સંજય શર્મા | મોડાસા | ૯૭૨૫૪ ૭૦૮૮૫ |

**હેલ્પ લાઈન : મોબાઈલ : ૯૮૨૫૫ ૮૬૨૦૭**
**વોટ્સઅપ : મોબાઈલ : ૯૮૨૫૫ ૮૬૨૦૭**

# ૯મી ઓગસ્ટ 'વિશ્વ આદિવાસી દિવસ' નિમિત્તે આપણે આદિવાસી છીએ તેનું ગૌરવ અને હું પોતે આદિવાસી છું તેનું સ્વાભિમાન હોવું જોઈએ

આપણી ઓળખ અસ્તિત્વ એકતા ટકાવી રાખવા સમાજમાં અંગત ભેદભાવ હોય કે દુશ્મની હોય ના હોય આદિવાસી એકતા ટકાવી રાખવા આદિવાસી સમાજના આગેવાનો એ દુનિયાભરના આદિવાસીઓને જે શુભ સંદેશો આપેલ હોય પ્રકૃતિ અભિયાન, રૂઢી પરંપરાઓ થકી જ આદિવાસીઓની મૂળ સંસ્કૃતિ વિસરાઈ જતી અટકાવવા આપણી વારસાગત મૂળ આદિવાસી સંસ્કૃતિ, આદિવાસી મેળા, તહેવારો, આપણા હક્ક અધિકાર, અધિકારો વગેરેની વિશ્વ આદિવાસી દિવસ વાણીભેટ યોગદા આપીન્એ તો જ આપણે આદિવાસી મૂળનિવાસી છે.

અભણ અને અજ્ઞાન આદિજાતિ (આદિવાસી) ઉપર વિદેશી(બહારન) લોકો દ્વારા ખોટા જોર જુલ્મ આક્રમણ થઈ રહ્યા છે અને ભોળા આદિવાસી ભાઈઓ તથા બહેનો ખોટા જુલ્મો મુંગા મોઢે સહન કરી રહ્યા છે કારણ કે આદિવાસી ચરિત્રવાન કે કયારે જૂઠ બોલતા નથી કારણ કે કાયદો શું છે તે જાણતા નથી.

**ફક્ત રેવન્યુની જાણકારી માટે રેવન્યુ ભારત સરકારનું છે**

આદિવાસી આદિજાતિ સમાજના મોભીઓ આગળ પડતા આગેવાનો સમાજ વ્યવસ્થાનું કામ કરનાર આદિવાસી સંગઠનોએ જાગરૂકતા દાખવી અભણ, અજ્ઞાન, ભોળા આદિવાસીની પડખે ઊભા રહી આદિવાસી વિસ્તારમાં જાગૃતિ અભિયાન ચલાવી આદિવાસી સમાજને વિનાશની દિશામાંથી બચાવવા આગળ આવવું જ પડશે ખૂબ જરૂરી જણાય છે.

આજે વર્તમાન સમયમાં આદિવાસીની જમીનો, આદિવાસી સંસ્કૃતિ, આદિવાસી હાટબજાર, મેળા, નષ્ટ, વિનાસ કરવાના પેતરા ગુજરાતમાં થઈ ચૂકયાનું જણાઈ આવેલ છે.

અગાઉનું લાંબા સમયથી ફકત પ્રકૃતિ, પૂજા થતી હતી અને સૃષ્ટી પરના દરેક જીવના માત્ર સુખ-શાંતિથી જીવતો હતો. જ્યારે આર્યો કાલ્પનિક ભગવાન દેવ-દેવી-દેવતાની પૂજા કરે છે ભારતના બંધારણમાં વાણી-સ્વતંત્રતાના હક્કો મળેલા તેનો દૂરઉપયોગ થઈ રહ્યો છે, માટે સાર્વજનિક જાણ કરવાની ફરજ પડેલ છે.

આખો આદિવાસી સમાજ અભણ કે અજ્ઞાન નથી. ૨૫ ટકા ભણેલો પણ હોઈ શકે છે. તેઓને કાયદાનું થોડું ઘણું જ્ઞાન હોઈ શકે પણ આંખ આડા કાન ન કરો. ખોટું થઈ રહ્યું છે તેનો વિરોધ કરો, ન જાણકાર માટે થોડા ઘણા આદિવાસી કાયદાના બંધારણમાં સામેલ છે. તેને વાંચો-સામજો-સામજાવો. આદિવાસીઓ નોનજ્યુડિશિયલ વ્યવહારમાં માને છે.

જ્યારે બીન આદિવાસીઓ જ્યુડિશિયલ વ્યવહારમાં માને છે માટે ન્યાયની પ્રક્રિયામાં કુદરતી સિદ્ધાંત લાગુ પાડવામાં આવેલ છે જ. જેમાં જ્યુડિશિયલ કોર્ટ પણ દખલગીરી કરી શકતી નથી. આદિવાસીઓનું પંચ સર્વોપરી છે. આદિવાસી પંચ બંને પક્ષોની રજૂઆત સાંભળી ન્યાયની પ્રક્રિયા તટસ્થ તપાસ કરી ન્યાય આપે છે. (આદિવાસીઓને પોતાનો કાશ્મીર લો છો)

આજના માનવ કેન્દ્રિત અને સ્વાર્થ વિચારવાળા કુદરતી બંધારણ વિરુદ્ધ વર્તન કરી આજે સંશોધન મહત્તમ ઉપયોગ કરે છે. આજનો વર્તમાન સમય આદિવાસી જાતી માટે કપરા ચઢાણ ચઢવા જેવો સાબિત થવા જઈ રહ્યો છે. છોટાઉદેપુર, કવાંટ, નસવાડી, સંખેડા, જાંબુઘોડા, પંચમહાલ, દાહોદ, ગોધરા, દેવગઢ બારીયા, ઘોઘંબા વિસ્તારના તાલુકા-જિલ્લાના તમામ ગુજરાત રાજયના આદિવાસી ભાઈ-બહેનો તે ચેતવાનો સમય છે ચેતી જાવ.

આદિવાસી જન પ્રતિનિધિઓ, નેતાઓ, પોતાન અંગત સ્વાર્થ સાધવા આજની માનવ કેન્દ્રિત અને સ્વાર્થી વિચારધારા ધરાવતા નિઃસ્વાર્થ સેવાનું કામ કરવાના બદલે નેતાઓ પોતાની ખુરશી સાચવવામાં જ રચ્યા-પચ્યા રહે છે અને મળવા આવનારથી દૂર ભાગે છે. 'કુદરતી ન્યાયનો સિદ્ધાંત છે.'

**વર્તમાન કાયદા આદિવાસીઓને નુકસાનકર્તા છે -સુપ્રિમ કોર્ટ**

જનાદેશ નહીં બંધારણ સર્વોપરી છે, જેના વિરુદ્ધ વર્તન થાય છે. ફરિયાદ કે ગેઝેટ આપવા છતાં તપાસ થતી નથી. તો શું આ સરકાર છે ? આદિવાસીઓ રૂઢીગત અધિકારો પ્રાચીન સમયથી ભોગવી રહ્યા છે. 'લાગુ છે' તેમ છતાં પોલીસ ખાતુ હોય કે જંગલ ખાતુ રક્ષણ આપવાને બદલે આદિવાસીઓ ઉપર ખોટો અત્યાચાર કરે છે, જેના દાખલા જાંબુઘોડા-કવાંટ-નસવાડી-દેવગઢ બારીયા, દાહોદ, ઝાલોદ-લીમખેડા-છોટાઉદેપુર જેવા વિસ્તારો આદિવાસી છે જે સરકારી સુરક્ષા કેન્દ્રો છે. જે સુરક્ષાના કેન્દ્રો નથી પણ અત્યાચારના કેન્દ્રો હોય તેવું જણાઈ રહ્યું છે ફરિયાદીને આરોપી અને આરોપી ને ફરિયાદી બની જવું પડે છે અને ખોટા નિવેદન લખવાના ગોરખધંધા ચાલે છે.

જ્યારે ભારતમાં બ્રિટીશ રાષ્ટ્રી કાનૂન લાગુ પડે છે. ૧૯૪૮ ભારતએ કોમનવેલ્થનો સભ્ય હોવાથી ભારતને બ્રિટીશ નેશનલ ૧૯૪૮ લાગુ પડે છે. હાલમાં આપણા ભારતમાં તમામ કાયદા કાનૂન અંગ્રેજોના ચાલે છે ભારતીય વિધાનમંડળ ૧૯૪૭માં મંજૂરી આપેલી છે.

ગેઝેટ ઓફ ઈન્ડિયામાં અનુસૂચિ-૫ લાગુ છે તેથી આ ક્ષેત્રનું જાહેરનામું બહાર પડેલું જ છે. હાલમાં જે આદિજાતિ-આદિવાસી વિસ્તારો જાહેર કરેલ છે જે નીચે મુજબ છે.

છોટાઉદેપુર, નસવાડી, કવાંટ, તિલકવાડા, લીમખેડા, દેવગઢ બારીયા, ઝાલોદ, સંતરામપુર, દાહોદ, ચીખલી, પારડી, ઉમરગામ , ધરમપુર, વાંસદા, આહવા, ભિલોડા,




ખેડબ્રહ્મા, મેઘરજ, વાલીયા, નાંદોદ, ઝઘડિયા, દેડિયાપાડા, સાગબારા, બારડોલી, માંગરોળ, નિઝર, વાલોડ, માંડવી, ઉચ્છલ, મહુવા અને વ્યારા આ વિસ્તારમાં સરકારી વ્યવસ્થા ગેરકાનૂની છે આ વિસ્તારમાં પંચાયતી રાજ વ્યવસ્થા અને નગર પંચાયત પાલિકા ચાલે છે જે ગેરકાયદેસર છે.

**સુપ્રિમ કોર્ટ જનાદેશ નહિ બંધારણ સર્વોપરી છે**

ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા એકટસ ૧૯૩૫ સેકશન ૯૧ અને ૯૨ના વિરૂદ્ધ અનલીગલ (ILLIGAL) રેવન્યુ રેકોર્ડ ઊભું કરવું બનાવટી બનાવવું-બતાવવું, બનાવટી લીપી બદ્ધ બનાવ્યું એ જ ગુનો બને છે. માટે આદિવાસી ભાઈ-બહેનો અનુસૂચિત જનજાતિનો સેંકડો નહીં બલ્કે હજારો-લાખો બે સુમાર પ્રશ્નો પેદા થઈ રહ્યા છે માટે સામાજીક જન આંદોલનની તાતી જરૂર છે. આદિવાસી ભાઈ-બહેનો પોતે કઠોર-નીડર નહિ બનો તો ગમે તેવા વકીલની સલાહ ચાલતા હો તો ગમે તેવા પ્રયાસો કરશો તો પણ દળી દળીને કુલડીમાં ભરવા જેવો ઘાટ થશે હાલ તો પોતે પગની પાણીએ છીએ. ઘૂંટણીયે ભઢી જશે અને આદિવાસી ભાઈ-બહેનો અગમચેતી ના રાખે તો પાણી માથા ઉપર ફળી વળશે અને ગુંગળાઈ ગુંગળાઈ મરવું પડશે એવા ચિન્હો જણાઈ રહ્યા છે માટે કારણ તમો જેને ચૂંટણીમાં મત આપેલ હોય તેનો પોતાને અનુભવ થવો જોઈએ. પોતે જ પોતાની કુહાડી પોતાના પગ ઉપર મારવા દેવી દશા છે.

કારણ કે જનતાના હિતોનું રક્ષણ કરવા ના બદલે જનતાના પ્રતિનિધિઓ પોતાના જ હિતોનું રક્ષણ કરતાં હોવાનું જણાઈ રહ્યું છે માટે આદિવાસી ભાઈ-બહેનો ચેતો.

આદિવાસી ભાઈ-બહેનો તથા સમગ્ર આદિવાસી સમાજ જો અગર આદિવાસીઓએ સુખ-શાંતિથી જીવવા માટે જે આદિવાસી ભાઈ-બહેનો અલ્પ અન્ય ધર્મોની લલચામણી જાહેરાતોથી દૂર રહેવું પડશે અને (આદિવાસી)ઓએ લોભામણી માયાવી જાળમાંથી મુક્ત થવું જ પડશે. પોતાની મૂળ અસલ સંસ્કૃતિ સર્જન અસ્તિત્વ ટકાવી રાખવા સાથે આદિવાસી ભાઈ-બહેનોએ પોતાના અસલ સંસ્કારોનું જતન કરવું જ રહ્યું તેમાં જ પોતાની ભલાઈ સમાયેલ છે. નહીં તો લાંબાગાળે જતા દિવસે મહાસંકટનો સામનો કરવાનો સમય આવશે ત્યારે શું થશે કલ્પના બહારનો વિષય છે માટે મારા વ્હાલા આદિવાસી ભાઈ-બહેનો ચેતો.

આજકાલ આદિવાસીઓની એકતા તોડવા મરણીયા પ્રયાસો થઈ રહ્યા છે, આદિવાસીઓને અંદર અંદર લડાવી મારવા તથા એકબીજાને અલગ વિખૂટા પાડવા ધર્મના નામે ધતિંગ કરી અંધશ્રદ્ધાનો સહારો લઈ જે છૂપી આદિવાસી સમાજ માટે અતિ ગંભીર કાવતરા ષડયંત્ર રચાયા છે. આદિવાસીઓની મૂળ ઓળખ ખતમ, નષ્ટ કરવાની છૂપી-અદશ્ય હિલચાલ જણાય છે માટે આદિવાસી ભાઈઓ-બહેનો ચેતો.

આદિવાસી ઉપર વિદેશી બહારના લોકો દ્વારા ખોટા આક્રમણ થઈ રહ્યા છે છતા પોતે ચૂપ કેમ છે ? કાંઈ સમજાતું નથી.

Dominion Indian Stateનો પેસા એકટનો કાયદો અખીલ આદિવાસી Excluded Areaમાં લાગુ પડતો નથી. ઈન્ડિયા નોનજ્યુડિશિયલ દેશ છે, ભારતનું બંધારણ કુદરતી છે.

(૧) આદિવાસીઓ તેમના પ્રચલિત હક્કો અબાદિત રીતે ભોગવી શકે તેમાં મદદ કરવાનો છે.

(૨) અનુસૂચિત વિસ્તારોનો વિકાસ કરવો તથા આદિવાસી જાતિઓની આર્થિક, શૈક્ષણિક અને સામાજિક પ્રગતિ સાધવી એ છે.

(૩) બંધારણીય અનુસૂચિ-૫ મુજબ ગુનાહીત કૃત્ય છે.

(૪) બંધારણીય અનુસૂચિ-૫ મુજબ પેસા એકટ કાનૂન ૧૯૯૬માં લાગુ થયો. અનુસૂચિ-૫ અને પેસા કાનુન અંતર્ગત આદિવાસીઓની જમીન બીન આદિવાસીઓ લેવા માટે ગ્રામસભાનો ઠરાવ લઈ ઓટોનોમસની મંજૂરી મેળવવાની હોય છે.

(૫) રાજયપાલ અને રાષ્ટ્રપતિ સિવાય કોઈને આવી મંજૂરી આપવાની સત્તા નથી.

(૬) સામાન્ય નાગરિકો માટ ઉપાય વિનાની અદાલતો છે.

આદિવાસી ભાઈ-બહેનો ચેતો વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ભેટ

**આદિવાસીઓને અંદર અંદર લડાવી મારવા તથા એકબીજાને અલગ વિખૂટા પાડવા ધર્મના નામે ધતિંગ કરી અંધશ્રદ્ધાનો સહારો લઈ જે છૂપી આદિવાસી સમાજ માટે અતિ ગંભીર કાવતરા ષડયંત્ર રચાયા છે.**

# યુવા શક્તિ સંગઠન દ્વારા સરકારી કોલેજોમાં જનનાયક બિરસા મુંડાની પ્રતિમા સ્થાપિત કરવાની માંગ

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી ગણપતસિંહ વસાવા અને રાજયકક્ષાના મંત્રી રમણ પાટકરને યુવા શક્તિ સંગઠન દ્વારા લેખિત રજૂઆત કરવામાં આવી છે કે ૯ મી ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસ તરીકે પુરા વિશ્વમાં આદિવાસી સંસ્કૃતિ અને પ્રકૃતિનેટકાવી રાખવા કાર્યક્રમો કરી ઉજવણી કરવામાં આવે છે. એ દિવસે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા એક પરિપત્ર બહાર પાડી ગુજરાત રાજયની આદિવાસી વિસ્તારની તમામ સરકારી કોલેજોમાં જનનાયક બિરસા મુંડાની પ્રતિમા સ્થાપિત કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી. બિરસામુંડાની પ્રતિમા સ્થાપિત થવાથી આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને પોતાના સમાજના લડવૈયાઓનું બલિદાન સ્મરણમાં રહી શકે તેમ જ ગૌરવની લાગણી સાથે ઈતિહાસને સમજી શકે તેવા આશય સાથે યુવા શક્તિ સંગઠનના પ્રમુખ એડવોકેટ મિતેશ પટેલ તેમજ તેમની ટીમ દ્વારા રજૂઆત કરવામાં આવી.



**વર્ષ ૨૦૧૮માં શિક્ષણ વિભાગ દ્વારા પરિપત્ર કરી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સ્થાપિત કરવામાંઆવેલ એ જ પ્રમાણે જનનાયક બિરસામૂંડાની પ્રતિમાઓ પણ સ્થાપિત કરવામાં આવે**
**- એડવોકેટ મિતેશ પટેલ**

# હવેના પંદર દિવસ મહત્ત્વના છે દરેકને કોરોના છે એવું માનજો : ડો. ધીરેન

આગામી પંદર દિવસ ખૂબ જ મહત્ત્વના છે આ તબક્કામાં લોકોએ ખાસ સાવચેતી રાખવાની જરૂર છે. જે રીતે પોઝિટીવ કેસો વધી રહ્યા છે તે પ્રમાણે હાલ આપણે પીક લેવલ પર છીએ એવું કહી શકાય. આ તબક્કો ખરેખર સાવધાનીનો છે. ખાસ તકેદારી રાખવાની જરૂર છે. દરેક સોસાયટીમાંથી એક ઘર પોઝિટીવ કેસો સામે આવી રહ્યા છે. માટે કોઈપણ વ્યક્તિ પોઝિટીવ છે કે નહીં તે ખ્યાલ ન આવી શકે છે. જેથી હાલ તો તમને જે કોઈપણ વ્યક્તિ મળે છે તે પોઝિટીવ જ છે એવું સમજીને સાવચેતીના પગલા લો તે ખૂબ જ જરૂરી છે. આપણે સૌ હર્ડ ઈમ્યુનિટી તરફ જઈ રહ્યા છીએ પણ જો તમે સાવચેતી નહીં રાખો તો ઈમ્યુનીટી પણ તમને નહીં બચાવી શકે. ખાસ કરીને સીનિયર સિટીજને ઘરની બહાર ન નીકળવાની સૂચના છે.

ISSN-2454-9622 Dt. 04-08-2020, Tuesday

### વાંસના ફળ, ફૂલ, પાંદડા અને ધડ બધું જ ઉપયોગી

# ડાંગ જિલ્લાના આદિવાસીઓમાં ખૂબ જાણીતું વાંસકીલનું શાક એક ઔષધિ



દંડકારણ્ય વનપ્રદેશ ડાંગમાં હાલ કુમળા વાંસની સિઝન ચાલી રહી છે. ત્યારે અહીં કુમળા વાંસનું શાક તેમજ અથાણું બનાવવામાં આવે છે. કુમળા વાંસને વાસંદી કે વાંસકીલ નામે ઓળખવામાં આવે છે. કુદરતી રીતે ઉગી નીકળતા માનવેલ વાંસના કુમળા અંકુર જેવા પીલાનું અહીના આદિવાસીઓ શાક બનાવીને ખાય છે. આ ઉપરાંત તેનું અથાણું પણ બનાવવામાં આવે છે. ગુજરાતમાં છેવાડે આવેલા ડાંગના જંગલોમાં પુષ્કળ પ્રમાણમાં વાંસ જોવા મળે છે. જેનું આયુષ્ય આશરે ૪૦ વર્ષ જેટલું હોય છે.

જ્યાં સુધી વાંસ પર ફૂલ ન આવે ત્યાં સુધી વાંસ લીલાછમ રહે છે. લગભગ ચાલીસમાં વર્ષે ફૂલ આવ્યા પછી એનું જીવન પૂરું થાય છે. જો કે એ ફૂલમાંથી જે ફૂલ બને એ જમીન પર પડવાથી તરત જ નવા વાંસનો જન્મ થાય છે. વાંસના પાન પાતળાં અને લાંબા હોય છે. જેને આગળનો ભાગ ભાલાના ફણાની જેમ અણીવાળો હોય છે. હાલની સિઝનમાં વાંસ સરળતાથી મળી જતા હોવાથી મોટી સંખ્યામાં લોકો તેનો ખાવામાં ઉપયોગ કરે છે જ્યારે ૪૦ વર્ષ બાદ વાંસ ઉપર આવતા બીજમાંથી દળીને રોટલા, શીરો બનાવી ઉપયોગમાં લેવાય છે. વાંસના ફૂલ, ફળ, પાંદડા અને ધડ બધુ જ કયાંય ને કયાંક કામમાં આવે છે.

આદિવાસી ગામડાઓમાં વાંસની પટ્ટીઓને ગૂંથીને કાચા મકાનોની દિવાલ બનાવવામાં આવે છે અને વાડાને સુરક્ષિત બનાવવા માટે પણ એનો ઉપયોગ થાય છે. એ ઉપરાંત બાંધકામ, ઉદ્યોગમાં મકાન બાંધવામાં, ઈમારતી લાકડાં તરીકે, ખેત ઓજારો બનાવવામાં આવે છે. પાટલા, હોડી, તરાપા, કમાનો, નદીનાળા પર પુલ, ફર્નિચર, સુપડા, નિસરણી વગેરે બનાવવામાં વાંસનો ઉપયોગ થાય છે. તેમજ વાંસમાંથી કલાત્મક ચીજવસ્તુઓ પણ બનાવવામાં આવે છે. કુમળા વાંસનો વિવિધ ખાદ્યપદાર્થો બનાવવામાં આવે છે. જેને વાંસકીલ, વાસદે કે વાંસદી એમ કહેતા હોય છે. કેટલાક લોકો તેને આખુ મીઠું ભરી સુકવીને અન્ય ઋતુમાં પણ શાક બનાવતા હોય છે.

# બુધાજુલધાણી ગામે વનવિભાગે ૩ ખેડૂતોનો ઊભો પાક ઉખેડી નાખ્યો

નસવાડી તાલુકાના અંતરિયાળા ડુંગરાળ પ્રદેશમાં આવેલા બુધાજુલધાણી ગામમાં આદિવાસી પરિવાર વર્ષોથી જંગલની જમીન ખેડતા આવ્યા છે. જેઓ મૂળ માલિક, મૂળ રહેવાસી આદિવાસી ખેડૂતો જંગલની જમીન ખેડીને પોતાનું ગુજરાન ચલાવે છે. ત્રણ ખેડૂતો પાસે સરકાર તરફથી આપેલી સનદા (હક્ક) હોવા છતાં વનવિભાગે ઊભો પાક ઉખેડી વન વિભાગ અધિકારીઓએ તેમના ખેતરમાં રોપા રોપી દીધા છે.

વન અધિકારી કાયદો ૨૦૦૬ મુજબ ગામના ખેડૂતોએ પોતાની દાવા અરજીની ફાઈલ બનાવી સરકારને પરવાનગી માટે મૂકેલી હતી. જેમાંથી થોડા ખેડૂતોની દાવા અરજી મંજૂર થવાથી સરકાર તરફથી સનદ પણ મળી છે. સનદ ધરાવતાં ખેડૂતો ડુ. ભીલ નરસીંહભાઈ મુળજીભાઈ, ડુ. ભીલ જેન્તીભાઈ મુળજીભાઈ, ડુ. ભીલ સોલીયાભાઈ ઢેધિયાભાઈએ પોતાના ખેતરમાં મકાઈ, તુવેર અને કપાસનું વાવેતર કરેલ હતું. તા.૨૭-૦૭-૨૦૨૦, સોમવારના રોજ બપોરે બે વાગ્યાના અરસામાં ગઢ બોરીયાદ રેન્જ તથા નસવાડી રેન્જના ફોરેસ્ટ સ્ટાફ તથા મોટી સંખ્યામાં હથિયારધારી, એસઆરપી જવાનો સાથે આવીને ત્રણે સનદધારી ખેડૂતોની જમીનમાંથી ઊભા પાકને ઉખેડી નાખીને રોપા રોપી દીધા છે. તેમને રોકવા જતા ગામલોકને બીભત્સ ગાળો આપી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ત્રણે ખેડૂતો પેકી એક ખેડૂત શારીરીક રીતે દિવ્યાંગ તથા પથારીવશ રહેતા બીમાર ખેડૂત ડુ.ભીલ નરસીંહભાઈ મુળજીભાઈને પણ ધાકધમકી આપીને તથા તેમની ધર્મપત્ની ઝીણકી બહેનને બંદૂકના કૂંદાથી મોઢા પર માર મારતા દાંત પાડી નાખ્યા છે. આવો અત્યાચાર થયેલ હોય ગરીબ આદિવાસી ખેડૂત કોરોના વાયરસની મહામારીમાં જાય તો જાય કયાં ? મજૂરી કરવા બહારગામ પ ન જઈ શકતો હોવાથી કે ભૂખે મરવાના દિવસો આવેલ છે. ગુજરાતની સંવેદનશીલ સરકાર ગરીબ આદિવાસી ખેડૂતો માટે પણ સંવેદના બતાવે અને જે અધિકારીઓ દોષિત હોય તેની સામે કડક હાથે કાર્યવાહી કરી તથા ખેડુતોને વળતર ચૂકવે તેવી આદિવાસીઓની માંગ ઊઠી છે.

# હિન્દુ શબ્દની ઉત્પત્તિ

ઉત્તરપ્રદેશ હિન્દી સંસ્થાન લખનઉ દ્વારા પ્રકાશિત "ઉર્દૂ –હિન્દી શબ્દ કોષ"માં હિન્દ, હિન્દી, હિન્દુસ્તાં, હિન્દુસ્તાન તથા હિન્દુ બધાને, ફારસીભાષા ના શબ્દો બતાવ્યા છે. હિન્દનો અર્થ ભારત, હિદુસ્તાન–ભારત વષ , ઈન્ડિયા તથા હિન્દુસ્તાનીનો અર્થ ભારતના નિવાસી બતાવવામાં આવ્યો છે. હિન્દુ નો અર્થ કરવામાં આવ્યો છે. હિન્દુસ્તાનનો એ વ્યકિત જે મૂર્તિ પૂજા કરે છે અને વૈદિક ધર્મ વલંબી છે.

મધ્યકાલીન ભારતમાં "હિન્દી સાહિત્ય કા વિકાસ" શીર્ષકથી પોતાના નિબંધમાં કૃષ્ણદત્ત બાકલીવાલ લખે છે કે "હિન્દી", "હિન્દ", "હિન્દવી" અને "હિન્દુસ્તાન" શબ્દોનો અર્થ

ભારતના ઉત્તર પશ્ચિમના પ્રવાહમાન સિન્ધુ નદીથી સંબંધિત છે. જેમ કે આપણે જાણીએ છીએ ભારતમાં આવવા વાળા મોટા ભાગે વિદેશીયાત્રી અને આક્રમણકારી ઉત્તર–પશ્ચિમ દ્વારથી જ ભારત આવ્યા અતઃ ભારતમાં આવવાવાળા આ વિદેશીયોએ જે દેશના પ્રથમ સિન્ધુ દેશ હતો. ઈરાનની સાથે ભારતને ખૂબ પ્રાચીન કાળથી જ સંબંધ હતો અને ઈરાની લોકો સિન્ધુને હિન્દુ કહેતા હતા. ઈ.સ.પૂર્વે મગધના સમ્રાટ ચન્દ્રગુપ્તની પત્ની (મહારાણી) પૂનાન દેશની હતી. સિન્ધુથી હિન્દુ, હિન્દુથી હિન્દ અને પછી ફારસીભાષાનો 'ઈક' લાગવાથી હિન્દીક બની ગયો. સંજ્ઞાના રૂપમાં 'હિન્દીક' નો અર્થ છે 'હિન્દ નો.' ભાષામાં આ શબ્દને સંજ્ઞાના રૂપમાં પ્રયોજવામાં આવ્યો અને હિન્દની ભાષા હિન્દી કહેવાઈ.

૧૪૨૪–૨૫માં શફુ દ્રીન દ્વારા લખેલ "ઝફરનામા" માં હિન્દી શબ્દનો પ્રથમ વખત ઉપયોગ થયો.

(મધ્યકાલીન ભારત સં. હરિશચંદ્ર વમા પ .૪૮૬)

પ્રખ્યાત ઈતિહાસકાર પ્રોફેસર ડી.એન.ઝા લખે છે

## સરકારને ખબર નથી કે હિન્દુ શબ્દનો શું અર્થ ?

**કેન્દ્રીય ગૃહ મંત્રાલયને હિન્દુ શબ્દનો અર્થ ખબર નથી. મધ્યપ્રદેશના નીમચ જિલ્લાના નિવાસી ચંદ્રશેખર ગૌર દ્વારા આર.ટી.આઈ. હેઠળ પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં ગૃહ મંત્રાલયે આ જવાબ આપ્યો છે. ભારતીય બંધારણ અને કાયદા મુજબ હિન્દુ શબ્દનો અર્થ અને વ્યાખ્યા વિશે આરટીઆઈ હેઠળ મેં પૂછેલા પ્રશ્નનો ગૃહ મંત્રાલયે ૩૧ જુલાઈએ આપેલા જવાબમાં જણાવ્યું કે સેન્ટ્રલ પબ્લિક ઈન્ફોર્મેશન ઓફિસર પાસે આ બાબતના સંદર્ભમાં કોઈ માહિતી નથી.**

**હિન્દુ માટે કયો આધાર ગણ્યો ?**

**તેમણે જણાવ્યું કે સરકારનો જવાબ મુંઝવનારો છે. ગૌરે એ પણ જાણવા માંગ્યુ કે કયા આધારે કોઈ સમુદાયને હિન્દુ ગણવામાં આવે છે અને શા માટે હિન્દુઓને બહુમતી સમુદાય ગણવામાં આવે છે.**

**જો સરકાર હિન્દુ શબ્દનો અર્થ વ્યાખ્યા જાણતી ન હોય તો સરકારે કયા આધારે હિન્દુ લગ્ન કાયદો ઘડ્યો એવો તેમણે પ્રશ્ન કર્યો.**

Infact ancient Indians never described themselves as “Hindus” first used by the Arabs and later by others, the term “Hindu” stood for the Inhabitants of al Hind (India) foreign to early Indian literature this name passed in to Indian no men clature much later”

વસ્તુતઃ પ્રાચીન ભારતવાસિયોએ પોતાને કયારેય પણ હિન્દુ નામથી સંબોધિત કયા નથી. સવ પ્રથમ આરબોએ પ્રયોગ કયો અને ત્યારપછી હિન્દુ શબ્દનો અર્થ હિન્દ (ભારત) ના નિવાસી એવો માનતા થયા. પ્રાચીન ભારતીય સાહિત્ય માટે અપરિચિત આ નામ આગળ જતાં ભારતીય નામ પધ્ધતિમાં પ્રચલિત થયું.

ઉપયુકત તથ્યના આધાર પર આ નિષ્કષ આનુષાંગિક હશે કે સિન્ધુ નદીની આ પાર રહેવાવાળા (ભારત વષ અને પાકિસ્તાન) ભલે તે કોઈપણ ધામિ ક વિચાર કે અનુયાયી હતા, તેમને હિન્દુ કહેવામાં આવ્યા હતાં. ઈસાઈ અને મુસલમાન હિન્દુમાં ગણાતાં ન હતા, કેમકે આ બંનેનું અસ્તિત્વ ભારતીય ઉપમહાદ્વીપમાં ત્યારે હતું જ નહીં. રોમિલા થાપરે લખ્યું છે – આરબો, તુર્કોના આગમન પશ્ચાત તે લોકો ભારત ઉપમહાદ્વીપના નિવાસિયોંને હિન્દુ કહીને બોલાવતાં હતા.

'હિન્દુ' શબ્દ ભારતીય શબ્દ નથી. સરમાઈનર વિલિયમે કહયું કે હિન્દુ ધમ કોઈ પણ ભાષામાં મળતો નથી. પરંતુ આજ હિન્દુ શબ્દ એક ભૌગોલિક ઓળખ અને અસ્મિતા બની ગયો છે. ૧૯૬૪માં લખનઉથી પ્રકશિત એક પાશિયન શબ્દકોશ "લુગહત કિરવરી" જેમાં હિન્દુના અલગ–અલગ અર્થ બતાવ્યા છે. જેવા કે, ચોર, ડાકૂ, રાહજન અને ગુલામ. શબ્દકોષ 'ઉર્દૂ ફિરોઝુબલઢ ગહત"માં હિન્દુનો અર્થ 'કાળુ' અને કાળો તલ પણ છે.

સંકલન : એસ. ડી. ધારણે, મુ.પો. કાસીમાટી, તા.લાંજી, જિ.બાલાઘાટ (મ.પ્ર)

ગુજરાતી અનુવાદ : પ્રા.ડૉ.મીનાકુમારી બી. પટેલ

### આદિવાસી સમાજ દ્વારા

# પોલીસ સ્ટેશનમાં ઢોર માર મારનાર પોલીસ કર્મચારીઓ સામે ગુનો નોંધવા માંગ રાજયપાલને કરાઈ

ખેડબ્રહ્મા તાલુકાના બે આદિવાસી ખેડુતોને ખેરોજ પોલીસે ઢોર માર માર્યો હોવાન આક્ષેપ સાથે કડક પગલાં ભરવાની માંગ ઊઠી છે. આદિવાસી સમાજે રાજ્યપાલને એક આવેદનપત્ર મોકલાવી ખેડુતોને માર મારનારે પોલીસ કર્મચારીઓ સામે ગુનો નોંધવાની માંગ કરી છે. સોથ જ આ મામલાને ન્યાય નહીં મળે તો સમાજ દ્વારા આગામી દિવસોમાં આંદોલન કરવાની ચમકી ઉચ્ચારવામાં આવી છે. ખેડબ્રહ્મા, પોશીના અને દાંતા તાલુકાના ડુંગરી ગરાસીયા આદિવાસી સમાજ દ્વારા મામલતદાર મારફતે રાજયપાલને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી છે. કેદાણ મહુડીના શાલુભાઈ કચરાભાઈ ડાભી અને પાટડીયા ગામના રાવતાભાઈ જગાભાઈ દાવડાને ખેરોજ પોલીસે ઢોર માર માર્યો હતો. ત્રણ પોલીસ કર્મચારીઓએ રાવતભાઈ દાવડાને પકડી રાખ્યા હતા અને ચોથા પોલીસ કર્મચારીએ બેહરમીથી લાકડી અને દંડા વડે માર માર્યો હતો. પોલીસે બિભત્સ ગાળો પણ બોલી જાતિવિષયક અપમાન પણ કર્યુ હતું. ખેડૂતોને પોલીસ દ્વારા ઢોર માર મારવામાં આવતા આ વિસ્તારના લોકોમાં આક્રોશ ભભુકી ઉઠ્યો છે. ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા સ્ટાફ પૈકી ફરજ ભૂલી સત્તાનો દૂર ઉપયોગ કરનાર આ પોલીસ કર્મચારીઓ સામે ગુનો નોંધવાની માંગ ઊઠી છે.

# પ્રાંતિજમાં પોલીસ બંદોબસ્ત છતાં ધોબી ઘાટે જઈ દર્શામાની મૂર્તિનું વિસર્જન કરાયું

**પોલીસે મંદિર બંધ રખાવીને લાઈટો પણ બંધ કરાવી છતાં પણ લોકોએ પાછળના રસ્તાથી આવી વિસર્જન કરવામાં આવ્યું**

પ્રાંતિજ તાલુકામાં દસ દિવસના દશામાના તહેવાર પછી ગુરૂવારની રાત્રીએ લોકો દશામાની મૂર્તિઓના વિસર્જન માટે ન આવે તે માટે પ્રાંતિજ પીઆઈ વાઘેલાએ મંદિરના ટ્રસ્ટ્રીઓને બોલાવી મંદિર અને લાઈટ બંધ રાખવાની સૂચના આપી મંદિર બંધ રખાવ્યા હતા અને આ સ્થળે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો છતાં પોલીસ ઊંઘતી રહી અને લોકો પાછળના ધોબીઘાટે જઈ મૂર્તિઓનું વિસર્જન કર્યુ હતું. પ્રાંતિજ શહેર તેમજ તાલુકામાં દશામાનો તહેવાર ભારે ઉત્સાહ સાથે ઉજવે છે દસ દિવસના તહેવાર પછી આ મૂર્તિઓનું વિસર્જન કરવાનું હોય હોય છે પ્રતિવર્ષે દશામા મંદિર પાસેના પાણીમાં મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવતું હતું. પરંતુ આ વર્ષે કોવિડ-૧૯ના કારણે પ્રાંતિજ પીઆઈ વાઘેલાએ દશામાના મંદિરના ઘાટ પાસે મૂર્તિઓનું વિસર્જન ન કરવા દેવા તેમજ આ સમયે આ માર્ગ પરની તમામ લાઈટો બંધ કરવી તેવો આદેશ મંદિરના ટ્રસ્ટીઓને આપ્યો હતો તેથી તેમણે આ આદેશનું પાલન કરી આ માર્ગ પરની તમામ લાઈટો બંધ કરાવી દીધી અને પ્રાંતિજ પીઆઈ વાઘેલાએ અહિ મૂર્તિઓનું વિસર્જન ન થાય તે માટે આખી રાત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છતાં લોકો વહેલી સવારે લોકો બીજા ધોબીઘાટના માર્ગેથી દશામાની મૂર્તિઓનું વિસર્જન કરી પલાયન થઈ ગઈ અને આ બાજુ પોલીસ ઊંઘતી રહી.

દશામાની મૂર્તિઓ પધરાવવા માટે લોકો ધોબીઘાટના માર્ગે પધરાવવા ગયા હતા ત્યાં જ દેશી દારૂની ખાલી થેલીઓ પડેલી જણાતાં પ્રાંતિજમાં ઠેર ઠેર દેશી દારૂનું વેચાણ ખુલ્લેઆમ થાય છે તેની સાક્ષી પૂરે છે.

# જળ, જમીન અને જંગલમાં આદિવાસીઓ માટે પોતાની રોજી-રોટી અને આર્થિક રીતે પગ પર થવા માટેનું સ્રોત છે

ભારતમાં અંગ્રેજોના આગમન બાદ જળ, જમીન અને જંગલ પર આકરા અને આંધળા કાયદાઓ ઘડ્યા અને આઝાદી બાદ પણ આ કાયદા યથાવત રહ્યા. અંગ્રેજોની વિદાય બાદ પણ આ કાયદા યથાવત રહ્યા. અંગ્રેજોની વિદાય બાદ પણ આ કાયદાઓ જે મુક્તા ગયા. તેમાં આદિવાસી પાસેથી ખરાબાની જમીન, જંગલની જમીન, પડતર જમીન વિવિધ સરકારોના હાથમાં સરકી ગઈ અન અભણ નિરક્ષર ભોળી પ્રજા પાસે પોતાની જમીન છે એવા કોઈ દસ્તાવેજી પુરાવા ના હોવાથી આદિવાસી પોતે લાચાર અને બિચારો થઈ પડ્યો. જળ, જમીન અને જંગલની માલિકી સરકારની થઈ ગઈ.

આજે આદિવાસી લોકો ગરીબી અને દેવાના બોજ નીચે બે ટાઈમનો રોટલો ખાવા તરફડીયા મારી રહ્યા છે. ઘણાં આદિવાસીઓ ભૂમિહિન છે જેમને ફરજિયાત છૂટક મજૂરી કામ કરી ઘરનું ગુજરાન ચલાવવું પડે છે. થોડા સમય પહેલા સુપ્રિમ કોર્ટ ઓફ ફરમાન જાહેર કરેલું કે ૧૭ રાજ્યોના લગભગ ૧૦ લાખ આદિવાસીઓએ જંગલમાંથી ખસેડવાનો આદેશ જારી કર્યો છે. પણ સાચી હકીકત જાણતાં હાલમાં સુપ્રિમ કોર્ટે જંગલ ખાલી કરાવવાનું મોકુફ રાખેલ છે. ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ ભારતમાં ૧૦.૪ કરોડ આદિવાસી વસવાટ કરે છે. પરંતુ સિવિલ સોસાયટી સંગઠનોના જણાવ્યા અનુસાર જંગલ વિસ્તારોમાં આવેલા એક લાખ સીતેર હજાર ગામોમાં વીસ કરોડ આદિવાસીઓ રહે છે. આજે સરકાર આદિવાસી સમુદાયને જંગલમાંથી ખસેડીને જંગલોમાં મોટા ડેમ બાંધે છે અને લાખો ટન વીજળી પેદા કરી મોટા ઉદ્યોગોને પૂરી પાડે છે. જંગલ વિસ્તારમાં વૃક્ષોનું છેદન કરીને સપાટ બનાવીને મોટી મોટી કંપનીઓની સ્થાપના કરે છે. આદિવાસીઓ હવે બેઘર બની ગયા છે. પેહેલાના સમયમાં આદિવાસીઓ જંગલની પેદાશ, કંદમૂળ, ગુંદર, ફળ, ફૂલ, આયુર્વેદિક ઔષધિ, મધ, વાંસ, ઈમારતી લાકડુ વગેરે જેટલી જરૂર હોય તેટલું જ લેતા હતા અને પોતાનો જીવનનિર્વાહ ગુજારતા હતા. તેઓએ કદાપિ વધારે ધન કે કમાણી કરવાની ઈચ્છા કે ખેવના રાખી ન હતી. બદદાનત એમના લોહીમાં જ ન હતી. આદિવાસીઓ તો તે વખતે પ્રકૃતિના ખોળે રંગીલા મિજાજથી વાંસળી અને પાવાના સુરે આનંદ કિલ્લોલથી જંગલને રૂળિયામણું અને કર્ણપ્રિય બનાવતા હતા. એમણે કદી જંગલોના જળ અને જમીનના મોટા માલિક બનાવવાનો વિચાર જ નહોતો આવ્યો. આદિવાસી પ્રકૃતિના તત્ત્વો જેવા કે ચંદ્ર, સૂર્ય, તારા, જળ, વૃક્ષ(પીપળો) નદીની પૂજા કરે છે અને તેને દેવ માને છે, શ્રદ્ધા ધરાવે છે તેથી તેને ધર્મ કહેવાય. સૂર્ય, ચંદ્ર, નદી, પ્રકૃતિના તત્ત્વો છે જેથી કહી શકાય કે પ્રકૃતિ ધર્મની આદિવાસી સમુદાય આરાધના અને પૂજા કરતો હતો.

આજે ભારતમાં આદિવાસી હિન્દુ, મુસ્લિમ, બૌદ્ધ, જૈન, પારસી, શીખ વગેરે ધર્મોના સંપર્કમાં આવવાથી પ્રકૃતિ ધર્મ લુપ્ત બની રહ્યો છે. કેટલાક આદિવાસી મૂળ ધર્મ છોડી ખ્રિસ્તી, મુસ્લિમ ધર્મનો અંગીકાર કર્યો છે. ઘણી વખત ખ્રિસ્તી ધર્મના આદિવાસીઓ પોતાના ઊંચા દરજજા ગણીને મૂળ આદિવાસીઓને પછાત તરીકે ચીતરે છે. આદિવાસીઓએ સરકાર સામે જંગ છોડયો છે કે જળ, જમીન, જંગલ અમારા છે. તે પાછા આપો. આદિવાસીઓની લડત કોની સામે છે ? કયો ધર્મ સામે છે ? કોઈ વ્યક્તિ સામે છે ? કોઈ પક્ષ સામે છે ? આદિવાસીઓની લડાઈ ફક્ત ને ફક્ત સરકારની વ્યવસ્થાની સામે છે. વ્યવસ્થાએ આદિવાસીઓના મૂળભૂત હક્કો અને અધિકારો છીનવી લીધા છે. તેમનું શોષણ કરે છે અને વ્યવસ્થા આદિવાસીઓના મૂળસ્રોત જળ, જંગલ અને જમીન છિનવી રહી છે. પ્રકૃતિ સાથે જીવનારી શરમાળ આદિવાસીને ખતમ કરવાની વ્યવસ્થા સરકારે બનાવી છે. કાયદા દ્વારા રાજકારણનો ઉપયોગ કરીને પોલીસ દમનથી ધર્મનો ઉપયોગ કરીને નકસલવાદી ગણીને રંજાડવાનું શરૂ કર્યું છે. વધારામાં આજે આદિવાસીના બદલે વનવાસી શબ્દથી સંબોધવાનું ચલણ વધતું જાય છે. આજે સવર્ણો આદિવાસીઓને મૂળનિવાસી કે આદિવાસી ગણવા માંગતા નથી. આદિમ જાતિ, ગિરિજન અને વનવાસી આ ત્રણેય શબ્દોનો પ્રયોગ કરવા પાછળ શાસક સરકારના મનમાં આદિવાસી શબ્દનો અર્થ છુપાવે છે. સરકારને ખબર છે કે આદિજાતિ એટલે મૂળનિવાસી છે. આ દેશના મૂળમાલિક છે તે સ્વીકારવા તૈયાર નથી કયાંય આ શબ્દ ખતરનાક છે.

# નેટવર્કના ધાંધિયાથી વિદ્યાર્થી ઓ ઝાડ પર ચઢી શિક્ષણ લેવા મજબૂર

## ઓનલાઈન ક્લાસમાં ગામોમાં મોબાઈલ નેટવર્ક આવતું ન હોવાથી કેવી રીતે ભણવું તે બાળકો માટે મોટો પ્રશ્ન છે

પહેલી નજરે જોતાં એવું લાગશે કે, બનાસકાંઠા જિલ્લાના ગામડાંના આ બાળકો મોબાઈલમાં કોઈ ગેમ રમી રહ્યા છે. પાણીની ટાંકી પર ચડીને ગામને ઊંચાઈથી જોઈ રહ્યા છે અને કંઈક શોધી રહ્યા છે. હા, તેઓ ચોક્કસ કંઈક શોધી રહ્યા છે અને એ છે નેટવર્ક. આ ગામડાંમાં મોબાઈલ નેટવર્ક આવતું ના હોવાથી ઓનલાઈન ક્લાસમાં કેવી રીતે ભણવું તે આ બાળકો માટે મોટો પ્રશ્ન છે ? છોકરીઓ સહિતના બાળકો વહેલી સવારે તેમની ઘરની નજીકના ઝાડ પર ચડી જાય છે અને કલાકો સુધી તેની ડાળીઓ પર બેસી રહે છે, એ આશાથી કે નેટવર્ક મળી જશે. પરંતુ મોબાઈલમાં નેટવર્ક પકડાય ત્યાં સુધીમાં તો ઓનલાઈન ક્લાસ પૂરા થઈ ગયા હોય છે. અમીરગઢ અને દાંતા તાલુકાના પર્વતીય વિસ્તારોમાં રહેતા ગરીબો માટે તો લેપટોપ અને ડેસ્કટોપ તો સ્વપ્ન સમાન છે. ઘણાં વિદ્યાર્થીઓ પાસે સ્માર્ટફોન તો છે પરંતુ ભણવા માટે વાપરી શકતાં નથી. શહેરી વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓને નેટવર્કની સમસ્યા ના હોવાથી તેઓ આરામથી ઓનલાઈન ક્લાસમાં ભણી શકે છે પરંતુ ગામડાંના વિદ્યાર્થીઓ માટે મુશ્કેલ છે. ધાનપુર ગામમાં રહેતા વિદ્યાર્થી રાહુલ ગમારે કહ્યું, ‘‘મોબાઈલ કવરેજ આવે તે માટે હું છાપરા અને ઝાડ પર ચડું છું. પરંતુ તેનાથી કંઈ ખાસ ફાયદો થતો નથી. ઓનલાઈન અભ્યાસ કરવો મુશ્કેલ છે.’’ આવી જ સ્થિતિ આ બંને તાલુકાના ૧૫ ગામોમાં જોવા મળે છે. ધાનપુરથી ચાર કિલોમીટરના અંતરે આવેલા વિરમપુર ગામની લોક નિકેતન સ્કૂલમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતાં સાગર ધ્રાંગીએ કહ્યું, ‘‘અમારી સ્કૂલમાં ઓનલાઈન શિક્ષણ અપાય છે પરંતુ અમારા ગામમાં મોબાઈલ કવરેજ અને નેટ બચવા માટે તત્કાલ પગલા ભરવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ‘‘વિશ્વમાં ૮૨ કરોડ લોકો ભૂખ્યા છે. હાલ દુનિયાની જે સ્થિત છે, તેનાથી ૫ વર્ષથી ઓછી ઉંમરના લગભગ ૧૪.૪ કરોડ બાળકોનો વિકાસ પ્રભાવિત થઈ રહ્યો છે. આ સિવાય કોરોના મહામારીએ સ્થિતિને વધારે ખરાબ કરી દીધી છે.’’

# ‘‘કલ્લીની ભાજી’ મોડાસાના નગરજનો માટે કુતૂહલઃ મેઘરજ તાલુકાના આદિવાસી મહિલાઓ માટે આજીવિકા

- ધનંજય ભાટીયા દ્વારા

અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં અનેક ઔષધિઓ ઉગતી હોવાની અને આદિવાસી સમાજ ના લોકો તેનો દેશી ઉપચાર અને ખાવા માટે પણ ઉપયોગમાં લેતા હોય છે ચોમાસાની ઋતુ માં વરસાદ વરસતા ની સાથે ડુંગરો પર અનેક પ્રકારની ઔષધિઓ ઉગી નીકળતી હોય છે મેઘરજ આજુબાજુના મેવડા નજીક આવેલા ડુંગરો પર ઉગી નીકળતી અને ધોળી મૂસળી તરીકે પંથકમાં ઓળખ ધરાવતી '' કલ્લી ની ભાજી'' મેઘરજ ની આદિવાસી મહિલાઓ માટે આજીવિકા નું સાધન બની રહી છે મોડાસા શહેરમાં સવારે મહિલાઓ મોટા પ્રમાણમાં ‘‘કલ્લી ની ભાજી’’ વેચી જીવનનિર્વાહ ચલાવવામાં મદદરૂપ બને છે મેઘરજ ના ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ



શિયાળા અને ચોમાસાની ઋતુમાં મેથી,પાલક,તાંદળજો અને ચીલ ની લીલી ભાજી વેચવા કોથળા ભરી મોડાસા શહેરમાં વેચાણ અર્થે આવે જીવનનિર્વાહ ચલાવી રહી છે ચોમાસા અરવલ્લી ની ગીરીમાળાઓમાં ઉગી નીકળતી લીલા ઉભા પર્ણવાળી કલ્લી ની ભાજી ને ધોળી મૂસળી હોવાનું જણાવી મોટા પ્રમાણમાં વેચાણ કરી રોજી રોટી મેળવી રહી છે મોડાસાના શહેરીજનો માટે કલ્લીની ભાજી કુતુહલ સર્જાવાની સાથે આકર્ષણ બની રહી છે અને લોકો મોટા પ્રમાણમાં કલ્લી ની ભાજીનો ખાવામાં ઉપયોગમાં લઈ રહ્યા છે મોડાસામાં ‘‘કલ્લી ની ભાજી’’ વેચવા આવતી મહિલાના જણાવ્યા અનુસાર કલ્લી ની ભાજી ખાવાથી પુરુષોની શક્તિ વધવાની સાથે મહિલાઓને શારીરિક નબળાઈ દૂર કરે છે મેઘરજ નજીકના ડુંગરોમાં અનેક પ્રકારની ઝેરી અને બિનઝેરી વનસ્પતિઓ ઉંઘી નીકળતી હોવાથી ખુબ જ માવજત ભરી રીતે અલગ તારવી વીણવામાં આવે છે અને પાણી થી ધોઈ વેચાણ અર્થે આવીએ છીએ દરરોજ ૧૦૦૦ થી ૨૦૦૦ હાજર રૂપિયાની કલ્લી ની ભાજી વેચી ઘરે પરત જતા હોવાનું જણાવ્યું હતું.

# જમીન અને પ્રાકૃતિક સંસાધનો અને પશુપાલનમાં પરિવર્તનો

જુદી જુદી વસતિના જૂથો યોજનાના પ્રભાવને જુદી જુદી રીતે અનુભવે છે ખાસ કરીને રાજ્યમાં આદિવાસીઓ અને દલિતો વચ્ચે પ્રાપ્ય જમીનો અને પ્રાકૃતિક સંસાધનોની માત્રામાં ગંભીર ઘટાડો નોંધાયો છે. ગુજરાતમાં આદિવાસીઓમાં માથાદીઠ/ કુટુંબદીઠ જમીનનું પ્રમાણ એક હેકટર કરતાં ઓછું હોવા છતાં, વિસ્થાપન અને વંચિતતાએ તેમના જીવનનિર્વાહ ઉપર ઊંડો પ્રભાવ પાડ્યો છે.

આપણે જો જમીન અને સાર્વજનિક સંપત્તિના સંસાધનો (તળાવો, કુવાઓ અને વૃક્ષો)થી વંચિત થવાના આંકડાઓ સામે જોઈએ તો આદિવાસીઓએ તેમના આર્થિક દરજ્જાને જોતાં સવિશેષ ગુમાવ્યું છે. આ પાછળ બેવડાં કારણો રહેલાં છે. ઔદ્યોગિક યોજનાઓ માટે સંપાદિત કરવામાં આવેલી જમીનો કરતાં જળસંસાધનો માટે સંપાદિત કરવામાં આવેલી જમીનોની માત્રા ઘણી વધારે હોવાને કારણે આદિવાસીઓને થયેલ નુકસાનનું પ્રમાણ ઊંચું છે અને આદિવાસીઓએ અને બીજાઓએ વિસ્તારની દૃષ્ટિએ સરખી જમીનો ગુમાવી હોવા છતાં આદિવાસીઓ પાસે હાલમાં ઓછી જમીનો છે. સવાલ એ નથી કે તેમને નવી જમીનો આપવામાં આવી હતી કે નહિ, સવાલ એ છે કે તેમને એવા સ્થળે મૂકવામાં આવ્યા હતા. જ્યાં તેઓ જમીનનો ઉપયોગ પણ કરીશ કે તેમ નહોતા કે નવી જમીન ખરીદી શકે એટલી બચત પણ કરી શકે તેમ નહોતા. નહીવત્ વળતર અને જીવનનિર્વાહની ચીજોના વધતા જતા ભાવોથી આદિવાસી કંગાલિયતમાં પરિણમ્યાં છે. આદિવાસી વિસ્તાર અને ગીર અભ્યારણ્યમાં પશુઓની વસતિમાં મોટો ઘટાડો થયો હતો. કૃષિ અને પશુપાલનની આસપાસ નભતા જીવનને યોજનાઓને કારણે ગંભીર નુકસાન પહોંચ્યું છે.

જમીનના પટ્ટાઓને જોતા ઉત્તરદાતાઓમાંથી ૬૭ ટકા આદિવાસી કુટુંબોમાં તેઓ મૂળ સ્થળે અથવા યોજના પૂર્વે જેટલી જમીનો ધરાવતા હતા તેમાં ઘટાડો નોંધાયો હતો. દલિતોમાં ૬૮ ટકા, અન્ય પછાત જાતિઓમાં ૪૬.૨ ટકા અને અન્યા જાતિઓમાં ૩૮ ટકા કુટુંબોમાં આવો ઘટાડો નોંધાયો હતો. પટ્ટા વિનાની ભાડાની (કે ભાગિયા) જમીનોમાં પણ મુખ્યત્વે મધ્ય અને ઉત્તર ગુજરાતમાં પછાત જાતિઓમાં ગંભીર ઘટાડો નોંધાયો હતો, કારણ કે તેમાંના મોટાભાગના લોકો જંગલોમાં ખેતી કરતા હતા. પરંતુ તેમની થોડી મહેસૂલી જમીનો ફાળવવામાં આવી હતી.

ઔદ્યોગિક યોજનાઓથી પણ આદિવાસી અને દલિત જમીનધારકોના પ્રમાણમાં ઘટાડો થયો હતો, જ્યારે અન્ય પછાત જાતિઓ અને અન્ય જાતિઓમાં વધારો નોંધાયો હતો. સૌથી મોટા પ્રમાણમાં જમીનથી વંચિત બનવાનું પ્રમાણ સાપુતારા હીલ સ્ટેશન અને જળસંસાધન યોજનાઓના વિસ્થાપિતોમાં નોંધાયું હતું. જમીન ગુમાવનારા આદિવાસી કે દલિત તેમના વળતરનો ઉપયોગ કરીને અથવા તો યોજનાની પુનવર્સન નીતિ અન્વયે તેમને ફાળવવામાં આવેલી જમીનો દ્વારા એટલી જ માત્રામાં ફરીથી જમીનો મેળવી શકયા નથી. જમીનો ઉપરાંત કૂવા, તળાવો અને જંગલો જેવા સાર્વજનિક સંપત્તિની પ્રાપ્તિ તમામ યોજનામાં ગંભીર રીતે ખતમ થઈ છે. ઉકાઈ, મધુબન, કરજણ અને દાંતિવાડા અરસગ્રસ્ત આદિવાસીઓએ જે જમીનો ગુમાવી હતી, તેમાં વધારે કૂવાઓ અને તળાવો હતા જ્યારે પુનર્વસવાટના સ્થળે બોરવેલ દ્વારા પાણી પૂરું પાડવામાં આવતું હતું. તળાવના પાણીની પ્રાપ્તિ ઘરેલું વપરાશ અને પશુપાલનનો અગત્યનો સ્રોત હતો. તેમાં ૯૦ ટકા ઘટાડો થયો હતો. નવી વસાહતોમાં ઘેંટા-બકરા / ગાય-ભેંસ પાળી શકાય તેમ નહોતા. કારણ કે બોરવેલનું પાણી કેવળ મનુષ્ય ઉપયોગ પૂરતું જ સીમિત હતું. તે પશુઓને આપી શકાય તેમ નહોતું.


બળતણ લાકડાની તંગી એક કાયમી સમસ્યા રહી છે. સામાન્ય રીતે લોકો જંગલો અને ખેતરોમાંથી આવી વસાહતોમાં લાકડા એકઠા કરી બળતણનો ખર્ચ બચાવતા હતા. પરંતુ નવી વસાહતના સ્થળે વૃક્ષોનું નામનિશાન નહોતું. બળતણના લાકડાના અભાવને કારણે આદિવાસીઓ કેરોસીન અને લાકડા ખરીદવા મજબૂર બન્યા છે. મૂળભૂત જરૂરિયાતોથી વંચિત બનવાને કારણે તેઓ જ્યાં વધુ કમાણી કરી શકે એવા સ્થળે સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે.

જમીન, પાણી અને વનરાજીના અભાવને કારણે તેઓ તેમના પશુઓને છોડવા મજબૂર બન્યા છે, જે તેમના માટે અગાઉ વધારાની આવકનો સ્રોત હતો. ૬૦ ટકાથી વધુ કુટુંબોમાં તેમની પાસેના પશુઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો હતો. ઘેંટા-બકરાં જેવા નાના પ્રાણીઓ જે વધારીની સંપત્તિ સમા હતા તેપશુઓ નવી વસાહતોના સ્થળે એટલી જ સંખ્યામાં પાળી શકાય તેમ નહોતા. નવી વસાહતોમાં, જેમ મધુબન વિસ્થાપિતોમાં જોવા મળે છે, તેમ પશુઓની સંખ્યામાં ૮૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. જે પ્રાણીઓ અગાઉ જંગલોમાં ચરતા હતા, તેને નિભાવવા માટે કોઈ જોગવાઈ, નવી વસાહતોમાં નહોતી. હવે જંગલો કાંત તો ખૂબ જ દૂર છે અથવા તો એ જંગલો તેમના રહ્યા નથી જેને કારણે પશુપાલનમાં ઘટાડો નોંધાયો છે.

# સરકારી ઓફિસોમાં લાંચ લીધા વિના કશું થતું નથી : સુપ્રિમનો આક્રોશ

દેશમાં ડગલે ને પગલે વ્યાપક બનેલા ભ્રષ્ટાચાર અને લાંચ રૂશ્વતના દૂષણ સામે આક્રોશ વ્યક્ત કરીને સુપ્રિમ કોર્ટે એવી ટીકા કરી હતી કે, સરકારી ખાતાઓમાં લાંચરૂશ્વત વિના પાદડું પણ હલી શકતું નથી તે આપણી કરૂણતા અને કમનસીબી છે. સુપ્રીમે સરકારી ખાતાઓમાં ખાસ કરીને ઈન્કમટેક્ષ અને એકસાઈઝ ડિપાર્ટમેન્ટમાં રોજબરોજના કામોના નિકાલ માટે લેવામાં આવતી લાંચરૂશ્વત સામે ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો હતો અને તમામ સરકારી ખાતાઓમાં વ્યાપક બનેલા ભ્રષ્ટાચારના ભોરિંગનો નાશ કરવાની હાકલ કરી હતી.

સુપ્રિમના ન્યાયમૂર્તિઓ માર્કેડેય કાત્જુ અને ટી.એસ. ઠાકુરની બેંચે સરકારી ખાતાઓમાં દરેક સ્તરે ફુલી ફાલેલી લાંચરૂશ્વત અને ભ્રષ્ટાચાર બદી સામે તીવ્ર આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ બાબતની ગંભીર નોંધ લેતાં તેમણે કહ્યું હતું કે દેશમાં ભ્રષ્ટાચાર અને લાંચ પર કોઈ જાતનો અંકુશ નથી તે આપણા સૌની કમનસીબી છે. ખાસ કરીને ઈન્કમટેક્ષ, સેલ્સટેક્ષ અને એકસાઈઝ ડિપાર્ટમેન્ટમાં લાંચ વિના પાંદડું પણ હલતું નથી તે આપણી કરૂણતા છે. પંજાબ એન્ડ હરિયાણા હાઈકોર્ટ દ્વારા ઈન્કમટેક્ષ ઈન્સ્પેકટર મોહનલાલ શર્માને આરોપમુક્ત કરતા ચુકદાને પડકારતી સીબીઆઈની અરજીને દાખલ કરતી વખતે કોર્ટે દેશમાં વ્યાપક બનેલી લાંચરૂશ્વત અને ભ્રષ્ટાચારની બદીની ગંભીર



નોંધ લઈને તેની આકારી ટીકા કરી હતી. સીબીઆઈ વતી એડિશનલ સોલિસિટર જનરલ પી.પી. મલ્હોત્રાએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે આરોપી શર્મા આઈટી કરદાતા પાસેથી રૂ. ૧૦,૦૦૦ની લાંચ લેતા પકડાયા હોવા છતાં અને ટ્રાયલ કોર્ટે તેમને આ માટે કસુરવાર ઠરાવ્યા હોવા છતાં હાઈકોર્ટે શર્માને નિદોર્ષ જાહેર કરી છોડી મૂકયા હતા. ટ્રાયલ કોર્ટ દ્વારા શર્માને એક વર્ષની આકરી કેદની સજા ફરમાવવામાં આવી હતી. સરકાર સામે કટક્ષ કરતા સુપ્રિમે એવો અણિયાળો સવાલ પૂછયો હતો કે સરકાર શા માટે લાંચરૂશ્વત અને ભ્રષ્ટાચારને. કાનૂની સ્વરૂપ આપતી નથી ? દરેક કેસના કે ફાઈલના નીકાલ માટે સરકારે ચોક્કસ રકમ નક્કી કરવી જોઈએ જેથી કોઈપણ વ્યક્તિ તેના કેસ કે ફાઈલનો નિકાલ કરાવવા ઈચ્છત હોય તો તેન લાંચ રૂપે રૂ. ૨૫૦૦ આપવા કહી શકાય અથવા તો તેની પાસેથી ચોક્કસ કામના નિકાલ માટે ચોક્કસ કમાના નિકાલ માટે ચોક્કસ રકમ માગી શકાય. આને કારણે આમઆદમી જાણીસ્શકશે કે તેણે કયા કામના નિકાલ માટે કેટલી રકમ આપવી પડશે.

# અસ્મિતા અને અસ્તિત્વ અમૂલ્ય છે

અસ્મિતા (ઓળખ) કોઈપણ વસ્તુના ગુણમાં હોય છે, આકારમાં હોય ચે. રંગમાં હોય છે. નામમાં હોય છે. જો કોઈ ચીજવસ્તુના ગુણમાં, આકારમાં, રંગમાં કે નામમાં ફેરફાર કરવામાં આવે તો તેનો કબજો અને માલિકી બદલાય જાય છે. દા. ત. સાગબારા તાલુકામાં આવેલ આદિવાસી કુળદેવી દેવ મોગરા માતા આ દેવમોગરા માતાને આદિવાસીઓ કણીકંસાર, યાહામોગી, પાન્ડુરીમાતા, દેવમોગરા માતા એવા નામથી ઓળખે છે. આ ઓળખ ચાલુ રહે ત્યાં સુધી, આ દેવી આદિવાસી ભીલોની માતા છે એમ તરત જ ઓળકાય. પરંતુ આ દેવીનું નામ લક્ષ્મીમાતા, મહાલક્ષ્મી એવું નામ બદલાય તો આ નામ આર્યજાતિના શબ્દો છે તેથી આ દેવી આર્યોની એવું સાબિત થાય અને તેનો કબજો માલિકી આર્યો પાસે જતા રહે તેમાં શંકાને સ્થાન નથી. એટલે નામ કદી બદલવું નહીં.

આ જ દેવી અત્યાર સુધીમાં આદિવાસી પહેરવેશમાં અને હાંડલી સાથે છે ત્યાં સુધી તે આદિવાસી ભીલોની માતા છે, એમ તરત જ ઓળખાય છે. પરંતુ આ માતાના આઠ હાથ, સોળ હાથ બનાવી આકાર બદલવામાં આવે અને તેને સાડી પહેરાવી, માથે સોનાનો મુગટ પહેરાવી દેવામાં આવે તો તરત આર્યોની માતા છે એવું સાબિત થાય અને તેનો કબજો, માલિકી તેઓ લઈ જ લે તેમાં શંકાને સ્થાન નથી.

આ પ્રમાણે જ આર્યોએ કિરાત દેવ કે જેને આપણે હિમાર્યાદેવ, કાલુકીર, કાલોકુણબી, કાળીયોભૂત, શિવારદેવ, હિવાર દેવથી ઓળખીએ છીએ તેને આર્યોએ તેનું નામ બદલી શિવ, મહાદેવ, શંકર એવા નામો આપી તેનો કબજો કરી લીધો છે. તે જ પ્રમાણે અંબામાતા, દુર્ગામાતા વગેરેનો પહેરવેશ બદલીને તેનો રંગ બદલીને તેનો આકાર બદલીને આદિવાસી ભીલો પાસેથી તેનો કબજો બ્રાહ્મણોએ પડાવી લીધો છે. આમ નામ બદલવાથી, આકાર બદલવાથી, તેનો રંગ બદલવાથી તેની ઓળખ બદલાઈ જાય છે અને તેનો કબજો અને માલિકી બદલાય જાય છે એટલે કે અસ્મિતા અને અસ્તિત્વ માલિકીપણું બતાવે છે. ઓળખ ગુમાનવતા ગુલામી શરૂ થાય છે

ધારો કે આજે યાહામોગી, પાંડુરીમાતા, દેવમોગરા માતા, કણીકંસારી નું નામ બદલીને લક્ષ્મીતા, મહાલક્ષ્મી કરી નાખવામાં આવે અને તેની પૂજાવિધિ બ્રાહ્મણને સોંપી દેવામાં આવે તો આદિવાસીઓ પોતાની રીત પ્રમાણએ લક્ષ્મીમાતાની પૂજાપાઠ ન કરી શકે. લક્ષ્મી માતાને પવિત્ર દારૂની શાક પાડી શકાય નહી. તેને મરઘો બકરો કે પાડોર્પણ કરાય નહી અને ધાનધાન્ય પણ તમે અર્પણ કરી શકો નહી. તમારે પૈસા મુકીને દર્શન કરવા પડે, તમારે બ્રહ્માને પગે પડી તેને પૈસા, સોનુ, હીરામોતીનું દાન કરવું પડે અને તમે માતાજીના નહી પરંતુ બ્રાહ્મણના ગુલામ થઈ જાઓ. તમે માલિકી ગુમાવો કે તરત જ તમે ગુલામ બની જશો અને તે પછી તમારા મનથી તમારી દેવીને પવિત્ર દારૂને શાક પાડી ન શકો તમે ધાન્ય અર્પણ કરી ન શકો અને પછી તમારી ઓળખ અને માલિકી ચાલી જશે. આ પ્રમાણે આપણા રાજ રજવાડાના નામો બદલીને તેનો કબજો, આર્યોએ પડાવી લીધો છે. જેમ કે માળવાને ઊજજૈન કરી દીધુ. આસાવલને અમદાવાદ પછી કર્ણાવતી કરીને પડાવી લીધુ. નાંદોદને રાજપીપળા બનાવી પડાવી લીધું. નંદુબાઈને નંદરબાર નામ આપી પડાવી લીધું. આમ નામની ઓળખ બદલીને તેની માલિકી બદલી લેવામાં આવે છે. તે જ પ્રમાણે તપ્તીને તાપી પછી સૂર્યપુત્રી કરી તેમનો હક્ક કરે છે. રેવાને નર્મદા કરી હક્ક કરે છે. આમ દરેક નદી, પહાડ, દેવદેવી, ગામ, તાલુકા, શહેરના નામ બદલી પડાવી રહ્યા છે જેની સામે આદિવાસીઓ જાગશે નહી તો આપણી સ્ત્રીઓ જેમ કે મત્સ્યગંધા કાળીનું નામ સત્યવતી કરી તેમને પણ પડાવી લીધી, જેથી આદિવાસીઓ જાગો, પોતાના મન, શરીર, જાત, અટક, સમાજ, નદી, પહાડ, દેવ, દેવી, ગામ, તાલુકા, શહેરોના નામ ઓળખો અને પોતાનો હક્ક, અધિકાર, કબજો, માલિકી જાળવી રાખો નહી તો વસાવાને બદલે પટેલ, રજવાડી.

# વ્યક્તિ વિશેષ

દક્ષિણ ગુજરાતનો એક એવો પ્રદેશ જ્યાં ટેકરીઓ અને ખીણોથી સમૃદ્ધ કુદરતે જ્યાં છૂટા હાથે સૌંદર્ય વેર્યું છે. એવા નયનરમ્ય પ્રદેશ જે દંડકારણ્ય તરીકે ઓળખ ધરાવતું ડાંગ જિલ્લાના સબિર(શબરીધામ પ્રવાશન સ્થળ નજીક) તાલુકાના ખાંભલા ગામની વતની છે. જેમનો જન્મ ૧-૦૪-૧૯૭૯માં એક આદિવાસી સામાન્ય પરિવારમાં થયો હતો. કુટુંબમાં માતા-પિતા સાથે કુલ આઠ સભ્યો જેમાં ચાર ભાઈઓ અને બે બહેનો. કુટુંબની આજીવિકા મુખ્યત્વે ખેતી અને પુશપાલન પર આધારિત છે. કુટુંબમાં સૌથી નાનો દિકરો પરંતુ નાનપણથી જ કુટુંબની આર્થિક ગરીબીનો અનુભવ થતાં શિક્ષણ પ્રત્યે લગાવ રહ્યો હતો.

૧૯૮૫માં ગામની પ્રાથમિક કેન્દ્ર શાળામાં પ્રાથમિક શિક્ષણ શરૂ કર્યું હતું. ધોરણ-૧થી ૩ સુધીનું પ્રાથમિક શિક્ષણ બાદ કુટુંબના અને ગામના અન્ય વાલીઓના આગ્રહથી ૧૩ કિલોમિટર દૂર આવેલી આશ્રમશાળા-ગારખડી ખાતે ગામના કુલ ૭ ભાઈઓને પ્રવેશ મળ્યો હતો. (તમામે પુનઃ એક સાથે ધોરણ-૩માં જ પ્રવેશ લીધો હતો). આશ્રમશાળાની વ્યવસ્થા ગામની નજીક ૩ કિલોમિટર અંતરે ગવ્હાણ ખાતે પણ હતી.



ડો. દિપક જી. ભોયે

આસી. પ્રો. મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિ., સુરત

તેમ છતાં દૂરની આશ્રમશાળામાં પ્રવેશ લેવડાવવાનું કારણ વારંવાર ઘરે આવી નહીં શકાય તેમજ શાળા છોડવાનું કારણ નહીં બને તે હતું. તે સમયે ગામથી અવરજવર માટેની કોઈ સગવડ નહીં હોવાથી રજાઓ દરમિયાન ૧૩ કિલોમિટર પગપાળા જતા અને આવતા હતા. તે સમયે જંગલ પણ ગીચ હતું. તેથી સમૂહમાં આવતા અને જતાં. આશ્રમશાળા હોવાથી નાનપણથી જ સંઘર્ષ અને જીવનની કસોટી સાથે શિક્ષણથી આત્મનિર્ભર બનવાના આત્મવિશ્વાસને પણ બળ મળ્યું હતું કારણ કે આશ્રમશાળા શિક્ષણમાં દૈનિક ક્રિયાઓનું સમયપાલનની વચ્ચે કેળવણીનો મહત્ત્વ આપવામાં આવે છે. સવારે ૬ જાગ્યે ઉઠવું, છાત્રાલયના બાળકોને જગાડવા માટે ઘંટ વગાડવા, પ્રાર્થના-ભજનો અને ધૂન ગવાય, વિવિધ ટૂકડીઓને સોંપાયેલી પ્રવૃત્તિ કરવી જેવી કે કોઠાર ટૂકડી જે દરેક સાંજનું નિયત કરેલ માપ મુજબ તોલીને દાળ-ચોખા, લોટ-હળદર-મસાલા, મીઠું, તેલ વગેરે આપવાનું કાર્ય કરતી. રસોઈ ટૂકડી જે રસોડું સંભાળતી. સફાઈ ટૂકડીનું કામ સાફ-સફાઈ કરવું. ગૌશાળા ટૂકડીનું કામ ગૌશાળાની સફાઈ અને ગાયોને પાણી પીવડાવવું. જજારૂ અને બાથરૂમ ટૂકડીએ જાજરૂ અને બાથરૂમની સફાઈ કરવી. આવી દરેક ટૂકડીઓ એક અઠવાડીયા સુધી કાર્ય કરતી. આ તમામ ટુકડીઓના મંત્રીની પસંદગી થતી જેઓ ટુકડીઓના સભ્યો પાસે કામ કરાવતા અને તમામ ટૂકડીઓની કામગીરીનું ધ્યાન રાવખ માટે મહામંત્રી અને ઉપ મહામંત્રીની પસંદગી શાળાના આચાર્ય કરતા. દરેક ટૂકડીઓનું કાર્ય દર અઠવાડિયે ચક્રીય રીતે બદલાતું જેનાથી નિયમિતતા શ્રમ અને સ્વચ્છતાના પાઠ શીખ્યા. આશ્રમશાળાનું શિક્ષણ આજની એકલવ્ય મોડલ રેસીડેન્સી શાળાઓ જેવી નહોતી. આશ્રમમાં આચાર્ય અને બેથી ત્રણ શિક્ષકોથી ધો ૧થી ૭ સુધીનું શિક્ષણ અપાતું. રહેઠાણ અને ભણવાના વર્ગો અલગ નહોતા. પંખા નહોતા. ડેસ્કની સુવિધા નહોતી. ખરબચડી ખુલ્લી લાદી પર બેસીને આખો દિવસ ભણતા. જંગલ વિસ્તાર હોવાથી લાઈટના પ્રશ્નો વિકટ હતા. અંધારામાં સૂતા અને માખી-મચ્છરથી પણ પીડાતા સાથે તાવ-ઝાડા-ઊલટી અને દાદ - ખરજવું જેવી બિમારીઓનું વાવર રહેતું. આવી કપરી પરિસ્થિતિ સાથે ૧૯૮૭થી ૧૯૯૨ સુધી ધો-૩થી ધો-૭ સુધી દરેક કક્ષામાં પ્રથમ ક્રમે પાસ થઈ પ્રાથમિક સુધીનું શિક્ષણ પૂર્ણ કર્યું હતું.

માધ્યમિક કક્ષાનું શિક્ષણ ડાંગ જિલ્લાના આહવા તાલુકા ખાતે ખ્રિસ્તી મિશનરી સંસ્થા સંચાલિત અને. એક માત્ર ગ્રાન્ટ ઈન એઈડ શાળા દીપદર્શનમાં ધોરણ-૮માં પ્રવેશ મેળવી ૧૯૯૫માં ધો-૧૦માં ૬૭.૪૭ ટકા સાથે પાસ થયો. ત્યારે ગામમાં અને વિસ્તારમાં ઘણી પ્રશંસા સાથે બોર્ડમાં વધુ ગુણ સાથે પાસ થયાનો ગર્વ અનુભવ્યો હતો. ધોરણ -૧૦માં પીટીસી અથવા સી.પી.એડ. માં પ્રવેશ ફોર્મ ભર્યું હતું. પરંતુ સરકારી કોલેજોમાં પ્રવેશ નહીં મળતા થોડી નિરાશા થઈ. તે સમયે મનોમન વિચાર કરતો કે પ્રાથમિક શિક્ષકની જગ્યાએ ઉચ્ચ હોદ્દા માટે લખાયેલું હશે એવી રીતે સ્વને હકારાત્મક અભિગમ તરફ વળવાનો પ્રયાસ કર્યો હતો. ઉચ્ચતર માધ્યમિક સ્તરનું શિક્ષણ પણ આહવા તાલુકામાં આવેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૧૯૯૭માં પૂર્ણ કર્યું.

ધો-૧૨મું પાસ કર્યા બાદ સાથી મિત્રોની જેમ આહવાની એક માત્ર સરકારી વિનિયન અને વાણિજય કોલેજ, આહવામાં પ્રવેશ લીધો અને વર્ષ ૨૦૦૦માં સમાજશાસ્ત્ર વિષય સાથે સ્નાતક થયો. સ્નાતક બાદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સમાજશાસ્ત્ર વિભાગથી વર્ષ-૨૦૦૨માં પ્રથમ વર્ગ સાથે અનુસ્નાતક થયો. ડિસેમ્બર-૨૦૦૨માં જ **GSLET (Gujarat State Level Eliginility Test)**ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ કરતાં મારી કારકિર્દીનું ટર્નિંગ પોઈન્ટ સાબિત થયું. મારા માટે જીસ્લેટ પાસ કરવાનો આનંદ તો હતો જ પરંતુ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સમાજશાસ્ત્ર વિષયમાં જીસ્લેટ પાસ કરાનાર પણ હું એક માત્ર વિદ્યાર્થી હતો. જીસ્લેટ પાસ થતાં સમાજશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓમાં મારી એક નવી ઓળખ ઊભી થઈ. ત્યારબાદ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ સાયન્સ રીસર્ચ હેઠળ ચાલતું સેન્ટર ફોર સોશિયલ સ્ટડિઝ, સુરત ખાતે રિસર્ચ ઈન્વેસ્ટીગેટર તરીકે કામ કરવાની તક મળી. સેન્ટર ફોર સોશિયલ સ્ટડિઝ ખાતે છ મહિના કામ કર્યાના અનુભવના આધારે વાપી ખાતેની હરિયા રોટરી ચેરીટેબલ ટ્રસ્ટમાં આઉટ રીચ વર્કર તરીકે પસંદગી થતા લગભગ છ મહિના સુધી સેવા આપી સંશોધન અને સેવાભાવી સંસ્થાઓનો અનુભવ કર્યો.

વધુ આવતા અંકે

ISSN-2454-9622 Dt. 04-08-2020, Tuesday

# આદિવાસીઓનો ઈતિહાસ

ઈતિહાસકારોનું માનવું છે કે હજારો વર્ષે પહેલા એશિયા માઈનર પ્રદેશોમાંથી આર્ય પ્રજા ભારતમાં આવી ત્યારે અહીની મૂળ પ્રજા નીદ કિનારે ફળદ્રુપ જમીનમાં ખેતી કરીને જીવતી હતી. આર્યો, મૂળ પશુપાલકો હોઈ, તેમના પ્રદેશમાં દુષ્કાળ પડવાથી ઘાસચારાની શોધમાં ભારત આવ્યા. અહીની ફળદ્રુપ જમીન, નદીઓ અને લીલતરી જોઈને આકર્ષાયેલી આર્ય પ્રજાએ અહી રહેવાનું શરૂ કર્યુ અને ધીમે ધીમે મૂળ પ્રજા સાથે તેઓ યુદ્ધ -ઝઘડા કરવા લાગ્યા. આર્ય પ્રજા વધારે મજબુત અને ચાલાક હોવાથી અહીની મૂળ પ્રજાને હરાવી, અમુકને ગુલામ તરીકે પકડ્યા તો અમુક લોકો પકડાયા વગર ગીચ જંગલમાં અને ડુંગરમાં નાસી ગયા. ત્યારબાદ આર્યોએ પોતાની સામાજીક વ્યવસ્થા (જેનું હાર્દ વર્ણ વ્યવસ્થા હતી) ઊભી કરી અને કારભાર કરવા લાગ્યા. આ વ્યવસ્થાના સૂત્રદારોએ પોતાની જાતને બ્રાહ્મણ તરીકે ઓળખાવીને પોતાના માટે સૌથી ઉપરનો દરજજો આપ્યો. બાકીના લોકોને એમના કામ પ્રમાણે અને બ્રાહ્મણોથી નીચા દરજ્જામાં ક્ષત્રિય અને વૈશ્ય એમ બે વિભાગમાં વહેંચ્યા. એઠલે આર્ય પ્રજાએ પોતાના સમાજને બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એમ ત્રણ વિભાગમાં વહેંચી નાખ્યો. વળી પોતાના હાથ નીચેની (મૂળ) પ્રજાને આર્ય પ્રજાએ ગુલામ (દાસ) તરીકે રાખી અને તેમની પાસે વિવિધ પ્રકારના અઘરા અને અણગમતા કામો કરાવવા માંડ્યા. સમય જતાં પકડાયેલી પર્જામાં જેઓએ આર્ય પ્રજાની વ્યવસ્થા સ્વીકારી અને તેમને તાબે થયા. તેમને માટે "શૂદ્રો" તરીકે વર્ણ વ્યવસ્થામાં એક ચોથો વિભાગ શરૂ કરવામાં આવ્યો. પરંતુ જે લોકો આ વ્યવસ્થા સ્વીકિરવા તૈયાર નહોતા કે જેમણે તેનું ઉલ્લંઘન કર્યુ હતુ તેવા લોકોને આર્યોએ ઉપરના ચાર વર્ણમાંથી અલગ રાખ્યા અને તેમને "અતિશૂદ્ર" (આઉટ કાસ્ટ) તરીકે ઓળખાવ્યા તેમજ તેમની પાસે સફાઈકામ, મડદુ દુર કરવાનું જેવા અણગમતા કામો કરાવ્યા અને તેમની સાથે આભડછેટ રાખીને તેમજ આર્ય લોકોના વસવાટથી તેમનો દૂર વસાવ્યા.

નાસી ગયેલા પ્રજા જંગલમાં અને ડુંગરમાં રહેવા લાગી. તેઓ આર્ય પ્રજાના સંબંધ અને અસરથી દૂર પોતાની મૂળ સંસ્કૃતિ તેમજ જીવન પ્રણાલી સાચવીનો રહ્યા. તેઓ આજે આદિવાસી તરીકે ઓળખાય છે. આર્યોની જેમ વર્ણ વ્યવસ્થા, ઊંચનીચનો ભેદભાવ અથવા કામનું વિભાજન આદિવાસીઓમાં નહોતા. તેમનામાં કોઈપણ ખોરાક માટે પ્રતિબંધ નહોતો કે આભડછેટ જેવા અસામાજિક દૂષણો નહોતા. તેઓ એકબીજા સાથે સમાનતાથી, સમુહ ભાવનાથી અને કુદરત સાથે સુમેળ સાધીને, કુદરતનો ઈશ્વરને માનીને જીવતા એમ મનાય છે. આમ આદિવાસીઓની સંસ્કૃતિ, ધર્મ, સામાજીક વ્યવસ્થા તે આર્યોની સંસ્કૃતિ, ધર્મ અને સામાજીક વ્યવસ્થાથી પહેલેથી જ અલગ અને જુદા હતા. રામાયણમાં અનો મહાભારતમાં મુખ્યત્વે આર્ય પ્રજાની વાતો લખવામાં આવી છે એવું મનાય છે. આર્યો અને ભારતની મૂળ પ્રજા વચ્ચેના સંઘર્ષના ઈતિહાસમાં ટેકારૂપે હિન્દુ શાસ્ત્રોમાં "આર્ય નારી", "આર્ય પુરુષ", "આર્ય પ્રજા" જેવા શબ્દોનો ઉપયોગ વાંરવાર થાય છે. અખિલ ભારતીય મૂળ નિવાસી સંકલન મંચના સભ્ય શ્રી બિજોય લખે છે, "રામાયણ, મહાભારત અને પુરાણ જેવા મહાગ્રંથોમાં જંગલ પ્રજા અને હિન્દુઓ વચ્ચેના સંઘર્ષના ઘણા ઉલ્લેખો થાય છે..."રામાયણ ઉપર ઊંડાણથી સંશોધન કરેલા ઈતિહાસના નિષ્ણાતોના મંતવ્ય મુજબ રામાયણમાં ઉલ્લેખ પામલે રાવણ અને તેના અનુયાયી રાક્ષસો તેમજ વાનર પ્રજા- એ બધા ખરેખર આ દેશના મૂળવાસીઓ હતા અનો બનતા સુધી આજે મહારાષ્ટ્રમાં રહેતા "ગોન્ડ","સાવરા" અનો "કોરક" સમાજના આદિવાસીઓના પૂર્વજો હતા. આજે પણ "ગોન્ડ" વંશના આદિવાસીઓ રાવણને ભગવાન તરીકે માને છે અને રામનો જંગલના રાક્ષસોનો (પોતાના લોકોને)મારી નાખનાર તરીકે ઓળખે છે...મહાભારતમાં શ્રી ક્રિષ્ણનું મોત "જરથા" નામના ભીલના હાથે થયું એવો ઉલ્લેખ છે..મહાભારત, રામાયણ, પુરાણ જેવા મહાગ્રંથોમાં આદિવાસીઓને માણસો તરીકે નહી પરંતુ રાક્ષસો, વાનરો (વાંદરાઓ) કે નાગ (સાપ), કાગડા જેવા પ્રાણીઓ તરીકે ઓળખે છે.. વળી જે મૂળનિવાસીઓ આર્યોના તાબે થયા તેમનો દાસ (ગુલામ) તરીકે ઉલ્લેખ થાય છે.

"એકલવ્ય" ની વાર્તામાં પણ હકીકત કંઈક જુદી જ છે. એકલવ્ય ભીલ જ્ઞાતિનો આદિવાસી હતો અને ધનુષ્ય વિદ્યામાં (તીરકામઠા ચલાવવામાં) આર્ય પ્રજાના માનીતા "અર્જુન" કરતા વધારે હોંશિયાર અને નિષ્ણાત હતો.તેથી અર્જુનના સાથીઓએ એકલવ્ય ઉપર હુમલો કરીને તેનો અંગુઠો કાપી નાખ્યો. જેથી તે કદી તીરકામઠા ચલાવી ન શકે. દ્રોણાચાર્યને ગુરૂ દક્ષિણા આપવાની વાર્તા પાછળથી ઉપજાવી કાઢેલી છે એવું મનાય છે. પ્રખ્યાત લેખિકા મહાશ્વેતા દેવીનું માનવું એવું છે કે હિન્દુઓ અને આર્યો આવ્યા પહેલા આદિવાસીઓ આ દેશમાં વસવાટ કરતા હતા. "શિવ" આર્યોના દેવ નહોતા, પાછળથી આદિવાસીઓના જંગલ દેવી પાર્વતનીને શિવના પત્ની તરીકે માનવા લાગ્યા, "કાલી" તે શિકાર કરનાર આદિવાસીઓના દેવ છે તેમાં શંકા નથી" (બીજોય, પીયુસીએલ, ફેબ્રુઆરી ૨૦૦૩) ગમે તે હોય આપણે જાણીએ છીએ કે દુનિયાભરમાં મોટાભાગના આદિવાસીઓ જંગલમાં જ વસે છે. આનું સાદુ સીધું કારણ એ જ છે કે જંગલો એ આદિવાસી જીવનનુંએક જુદુ ન પાડી શકાય તેવું અંગ છે.

- ડો. સુભાષ પાંડર

## વિશ્વ આદિવાસી ગૌરવ દિવસ




૯મી ઓગસ્ટ વિશ્વ આદિવાસી ગૌરવ દિવસ

નિમિત્તે અરવલ્લી જનજીવનના તમામ વાચક મિત્રો, લેખકો, માર્ગદર્શકો અને સમગ્ર આદિવાસી સમાજને શુભેચ્છા પાઠવે છે. તથા સમગ્ર અરવલ્લી જનજીવન પરિવાર તરફથી સમગ્ર આદિવાસી સમાજને વિશ્વ આદિવાસી ગૌરવ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

સૌજન્ય : અરવલ્લી જનજીવન પરિવાર

મો. ૯૮૨૫૫ ૮૬૨૦૭

# દેશના બધા જ નોકરો માલિકને ગુલામ બનાવી રાખવા માગે છે ?

**સમગ્ર ભારતની જનતા બંધારણ મુજબ ચાલે તો 'સરપંચથી માંડીને વડાપ્રધાન સુધી' તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓ જનતાના નોકર છે**

ભારતના બંધારણ મુજબ ભારતની જનતા સર્વોપરી છે, બંધારણ મુજબ જનતાની ઉપર કોઈ નથી. ગ્રામ પંચાયતના તલાટી કમ-મંત્રીથી લઈને રાષ્ટ્રપતિ સુધી બધા જ ભારતની જનતાના નોકર છે, તેમજ સરપંચથી લઈને વડાપ્રધાન સુધી તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ ભારતની જનતાના નોકર છે. આપણે જ્યારે કોઈપણ સરકારી અધિકારીને કે ધારાસભ્ય, સાંસદસભ્ય, મેયર અથવા મંત્રીનો કે ચૂંટાયેલા નેતાને અરજી કે પત્ર લખીએ ત્યારે નીચે હંમેશા 'તમારો માલિક નાગરિક' એમ લખવું જોઈએ.

**ભારતીય દંડ સંહિતા કાયદામાં જ 'નોકર' શબ્દનો ઉપયોગ થયો છે માટે આપણે આ લોકોના કાયદેસરના માલિક છીએ.**

દેશનું દુર્ભાગ્ય એટલું છે કે આપણે બંધારણ જાણવા માંગતા નથી માટે દેશના બધા જ નોકરો માલિકને ગુલામ બનાવીને રાખવા માંગે છે. જો આપણે દેશની સિસ્ટમ સુધારવા માંગતા હોઈએ તો સૌ પ્રથમ આપણી જાતને માલિક સમજતા અને નેતાઓ/અધિકારીઓને નોકર સમજતા થવું પડશે.

ભારતીય દંડ સંહિતા નામના કાયદાની કલમ-૨૧માં દર્શાવેલી વ્યાખ્યા પ્રમાણે આ બધા જ લોકો માટે 'જાહેર નોકર' શબ્દ પ્રયોગ થયેલો છે. સરકારી પગાર મેળવતા અથવા સરકારી સત્તા મેળવતા તમામ અધિકારીઓ/નેતાઓ માટે ભારતીય દંડ સંહિતાના કાયદામાં 'નોકર' શબ્દનો ઉપયોગ થયો છે. માટે આપણે આ લોકોના કાયદેસર માલિક છીએ.

'આપનો વિશ્વાસુ, આપનો આજ્ઞાકારી, એક જાગૃત નાગરિક, આપનો આભારી' આવા શબ્દો લખીને નોકરોની ગુલામી કરવાનું બંધ કરીને આજથી આપણે જ્યારે સરકારી અધિકારી /નેતાને પત્ર લખીશું ત્યારે આપણે સામેવાળાને અહેસાસ કરાવીશું કે તેઓ જનતાના નોકર છે અને અમે તમારા માલિક છીએ.. દરેક અરજી, ફરિયાદ, આવેદનપત્રની નીચે 'તમારો માલિક નાગરિક' એમ જ લખવું જોઈએ.

**દરેક અરજી ફરિયાદ કે પત્રની નીચે 'તમારો માલિક નાગરિક' એમ જ લખવું જોઈએ જેથી ચૂંટાયેલા પ્રતિનિધિ કે સરકારી સત્તા મેળવવા તમામ અધિકારીઓ પોતાની ઈજ્જતથી વાકેફ થાય**




**આવો આપણે સૌ સાથે મળીને આપણો ગૌરવ દિવસ ઉજવીએ**

# ૯ ઓગસ્ટ "વિશ્વ આદિવાસી દિવસ"ની ઉવજણી કેમ ઉજવવામાં આવે છે




આવો સૌ ભાઈઓ તેમજ બ... લોકગીતો, લોકનૃત્ય, સત્સંગ, પ્રે... વિકાસ માટે જાગૃતિ લાવીએ. પ... અદા કરીએ. આજે દરેકને એ વ... થયો છે તેનું સ્વાભિમાન હોવું જ...

વિશ્વના આદિવાસીઓને મા... દ્વારા એક સમિતિની રચના કરે... દ્વારા ત્યારબાદ ૧૦ વર્ષ પછી ૧૯... કરવામાં આવેલ. જેમાં ૬૮ જેટ... તેઓએ વિશ્વ સમાજ સમક્ષ આ... માટે અપીલ કરેલ. જેના અનુસં... ૧૯૯૩ના વર્ષને વિશ્વ આદિવાસ... આદિવાસી દિવસ તરીકે ઉજવવ... સમગ્ર વિશ્વ દ્વારા વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવવાણી કરવામાં આવે છે.

આમ આપણી ભવ્ય સંસ્કૃતિ એ આપણી ગૌરવવંતી ઓળખ છે, આપણા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હક્ક- અધિકારો પણ આપણી સંસ્કૃતિ તથા રૂઢી પરંપરાઓ થકી જ જળવાયેલા હોય, આપણે પણ આપણા ઘર, ગામ, વિસ્તાર, પ્રદેશમાં આપણા આદિવાસીઓના આ ગૌરવપૂર્ણ દિવસની રાજકીય, ધાર્મિક, શૈક્ષણિક, આર્થિક, સામાજિક, પ્રાદેશિક અંગત કે અન્ય મતમતાંતરો કે ભેદભાવો ભૂલીને વિશ્વ આદિવાસી દિવસની માનભેર ઉજવણી કરીએ તથા આપણી ઓળખ, અસ્તિત્વ અને એકતા ટકાવી રાખવામાં આપણું અમુલ્ય યોગદાન આપીએ.

વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી સમગ્ર આદિવાસી વિસ્તારના ગામેગામે તથા ઘરે ઘરે એક સાથે એક સમાન કરીએ.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આજથી માસ્ક નહિ પહેરનારને રૂ. ૫૦૦નો દંડ

રાજ્યમાં કોરોનાનું સંક્રમણ રોકેટ ગતિએ વધી રહ્યું છે ત્યારે સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં આવતીકાલ તા. ૧ ઓગસ્ટથી માસ્ક નહિ પહેરનાર પાસેથી તંત્ર હવે રૂપિયા ૫૦૦ દંડ વસૂલશે. જ્યારે સાબરકાંઠા જિલ્લામાં જુલાઈ મહિના દરમ્યાન માસ્ક નહિ પહેરનાર અને જાહેરમાં થૂંકનાર ૧૯,૦૯૮ લોકો પાસેથી ૩૯.૬૪ લાખનો દંડ વસૂલ્યો છે. જ્યારે સાબરકાંઠા જિલ્લામાં આજે કોરોનાના નવા ૧૧ કેસ નોંધાયા હતાં. જ્યારે અરવલ્લી જિલ્લામાં આજે વધુ બે કેસ નોંધાયા છે.

કોરોનાનું સંક્રમણ બંને જિલ્લામાં બેકાબૂ થતાં તંત્રમાં દોડધામ મચી હતી. અને રાજ્ય સરકારની ગાઈડલાઈન મુજબ માસ્ક ન પહેરનાર અને જાહેરમાં થૂંકનાર પાસેથી અત્યાર સુધી રૂપિયા ૨૦૦ દંડ લેવામાં આવતો હતો તેમ છતાં કેટલાક લોકો માસ્ક નહિ પહેરતા હોવાનું ધ્યાને આવતાં તંત્ર દ્વારા હવે આવતીકાલથી ૨૦૦ના બદલે ૫૦૦ રૂપિયા દંડ વસૂલવામાં આવશે.

સાબરકાંઠા જિલ્લામાં તારીખ ૧ જુલાઈથી ૨૦ જુલાઈ સુધીમાં કોરોનાની મહામારી વચ્ચે માસ્ક ન પહેરનાર અને જાહેરમાં થૂંકનાર સામે તંત્રએ ઝૂંબેશ હાથ ધરી હતી. આ ઝુંબેશમાં ૧૯,૦૦૦થી વધુ લોકો દંડાયા હતા.

છેલ્લા ૨૪ કલાકમાં જે નવા ૧૧ કેસ નોધાયા છે તે પૈકી હિંમતનગરના પોલોગ્રાઉન્ડમાં આવેલ સર્વોદય સોસાયટીમાં ૫૯ વર્ષિય મહિલા, સંજર સ્ટ્રીટની નવી મહોલાતમાં ૬૨ વર્ષિય મહિલા, કૃણાલ સોસાયટીમાં ૬૯ વર્ષિય મહિલા તથા શાંતિપાર્ક સોસાયટીમાં રહેતા ૮૨ વર્ષિય વૃધ્ધ અને ૭૬ વર્ષિય મહિલા કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. તેજ પ્રમાણે ઈડરના સગરવાડામાં ૩૧ વર્ષિય યુવક, કુંડ વિસ્તારમાં ૫૫ વર્ષિય પુરૂષ, મોહનપુરમાં ૬૯ વર્ષિય વૃધ્ધ, બરવાવમાં ૪૦ વર્ષિય મહિલા તથા ઈડરની શીખર સોસાયટીમાં રહેતા ૪૮ વર્ષિય મહિલા કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. તદ્ઉપરાંત તલોદના ટાવર રોડ પર આવેલ પેટ્રોલ પંપ નજીક રહેતા ૪૪ વર્ષિય પુરૂષ કોરોનામાં સપડાયા છે. જિલ્લામાં તા.૩૧ જુલાઈ ૨૦૨૦ સુધીમાં કોરોના પોઝેટીવના કુલ કેસનો આંકડો ૪૨૩ થઈ ગયો છે. જોકે તે પૈકી ૩૧૭ જણા સાજા થઈ ગયા છે.

GUJARAT COMPUTER TRAINING INSTITUTE®
Organize by UECT, Regd. by Govt. of India
Regd. by Govt. of India N.C.T. New Delhi, India
Regd. by Govt. of Gujarat, India

ગુજરાત સરકારની નવી ભરતી માટે CCC નો કોર્ષ
સરકારશ્રી દ્વારા જાહેર કરેલ અભ્યાસક્રમ મુજબ ભણાવવામાંઆવે છે.

આ સિવાય અન્ય રોજગાર લક્ષી કોર્ષ
Basic, Tally Erp-9, DTP, Web designing, C, C++, Java, DCA, PGDCA, Hardware Networking, Spoken English, Mobile Repairing Course, Etc...

સરકારી કર્મચારીને ગ્રેડેશન માટે CCC ની ટ્રેઈનિંગ આપવામાં આવશે.

- દરેક બેચમાં મર્યાદિત સંખ્યા
- ફ્રી મટીરીયલ તથા બેગ
- કોર્ષના અંતમાં GCTI દ્વારા સરકાર માન્ય સર્ટીફીકેટ
- અનુભવી શિક્ષક દ્વારા શિક્ષણ

100 % રોજગાર લક્ષી કોર્ષ
ફ્રી સ્ટડી મટીરીયલ
ઓનલાઈન વેરીફીકેશન ઉપલબ્ધ

ફ્રેન્ચાઈઝી માટે સંપર્ક કરો.
Web Site : www.gctiindia.org
Mo. : 9712339777

AUTHORIZED TRAINING CENTER
VIJAY COMPUTER EDUCATION CENTER
At Post - Chithoda, Nr. Chithoda Police Chowki, Ta. Vijaynagar, Dist. Sabarkantha
Pande Ashokbhai K. [ Mo. 94284 10430 ]

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત , તા. ૩૧

ગલવાન ખીણમાં ચીનની ગદ્દારી બાદ ભારતમાં ચીન અને ચાઈનીઝ પ્રોડક્ટ્સ પ્રત્યે ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. ચીની પ્રોડક્ટના વિરોધનો સૂર હવે વધુ જોર પકડી રહ્યો છે. દક્ષિણ ગુજરાતની વાનગીઓ માટે પ્રખ્યાત સુરતની એક રેસ્ટોરન્ટ દ્વારા ખાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ પાર્સલ લેવા આવનાર લોકો જો આર્મી રિલિફ ફંડમાં પોતાનું યોગદાન આપશે તો તેઓને એક ખાસ ટીશર્ટ ગિફ્ટ કરવામાં આવે છે. આ ટીશર્ટ ની પાછળ લખ્યું છે 'ચાઈનાના પ્રોડક્ટનો

Printed, Published and Owned by Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI and printed at Shree Ganesh Offset, A/6, Shubh-Labh Estate, Nr. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380004. Ph. : 079- 25626240. and Published from F/51/694, Prakashdeep Appartment, Opp. Bhavsar Hostel, Nava Wadaj, Ahmedabad- 380013. Editor : Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI